પ્રાકૃત ભાષાની ઉપયોગિતા.

(એક મનનીય નિબંધ)

લેખક—

પં. લાલચંદ્ર ભગવાન્દાસ ગાંધી.

[જેસલમેર-ભાંડાગારીયગ્રંથસૂચી, નલવિલાસનાટક, નાટ્યદર્પણ, અપભ્રંશકાવ્યત્રયી, સ્યાદિશબ્દસમુચ્ચય, ત્રિભુવનદીપકપ્રબંધ વિગેરેના સંપાદક, જૈનપ્રતિમા લેખસંગ્રહ, ઐતિહાસિક જૈન ગુર્જર કાવ્યસંચય, ધર્મ-દીપિકા (વ્યાકરણ), તત્ત્વાખ્યાન વિગેરેના સહકારી સંશોધક, સંબોધસપ્તતિકાસવૃત્તિ, પંચમી-માહાત્મ્ય, ઉપકેશગચ્છચરિત્ર વિગેરેના અનુવાદક, બાલશિક્ષા, સમરસિંહ, સિદ્ધરાજ અને જૈનો, જિનપ્રભસૂરિ અને સુલતાન મહમ્મદ વિ. વિ. ના લેખક]

પ્રકાશિકા—

શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

વિ૦ સં૦ ૧૯૮૮] પ્રથમાવૃત્તિ ૧૦૦૦ [૪૦ સન ૧૯૩૨

ભાવનગર-ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં—
શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

પ્રાસ્તાવિક નિવેદન.

આ નિબંધ શુ પ્રસંગ ઉપસ્થિત થયે લખવામાં આવેલ છે તે નિબંધના પ્રારંભમાં જ લેખકે જણાવેલ હોવાથી તેની પુનરાવૃત્તિ કરવાની જરૂર નથી.

લેખની ઉપયોગિતા તો લેખની અંદર બતાવેલા જુદા જુદા વિભાગો વાંચવાથી જ જણાઈ આવે તેમ છે તેથી તે વિષે પણ લખવાની આવશ્યકતા જણાતી નથી.

હવે ખાસ કરીને લેખકનો પરિચય આપવાનું રહે છે તે ટાઈટલ ઉપર કેટલોક તો આપેલ છે. તદુપરાંત સદરહુ લેખકે **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** કમળસંયમીવૃત્તિ શ્લોક ૧૪૦૦૦, **હેમચંદ્રાચાર્યની** સ્વોપજ્ઞવૃત્તિ શ્લોક ૧૦૦૦૦ સાથે **અભિધાન-ચિંતામણિ કોષ, ભાવદેવસૂરિનું પાર્શ્વનાથચરિત્ર** શ્લોક ૪૦૦૦ વિગેરે અનેક ગ્રંથોની શુદ્ધ પ્રેસકોપી બનાવી તેના સંપાદકોને ઉચિત સહાયતા આપેલી છે. વિશેષમાં આ લેખકે ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્યદ્વારા એડીટ થયેલા અને ગાયકવાડ ઓરિયન્ટલ સિરિઝદ્વારા પ્રકાશિત થયેલા **બૌદ્ધતંત્ર ગ્રંથ સાધનમાલા** ભા. ૧–૨ માં સંશોધન–સહાયતા તથા રા. જી. કે. શ્રી ગોંદેકરદ્વારા સંપાદિત અને ગા. ઓ. સિરિઝદ્વારા પ્રકાશિત **માનસોલ્લાસ** (ભા. ૧) માં સંશોધનમાં તથા

લેખનપદ્ધતિની નોટ લખવામાં સહાય આપી છે. તથા અમેરિકન વિદુષી મિસ હેલન એમ. જોહન્સનને ત્રિષષ્ટિ (પર્વ ૧લા)ના ઋષભદેવચરિત્રના અંગ્રેજી ટ્રાન્સલેશનમાં રેફરન્સ વિગેરે સંબંધી ઉપયોગી માહિતી પૂરી પાડવાની સહાયતા કરી છે; જે ગ્રંથ ગાયકવાડ ઓરિયન્ટલ સિરિઝ્ નં. ૫૧ તરીકે પ્રસિદ્ધ થઇ ગયો છે.

આટલી હકીકત ઉપરથી લેખક મહાશયના સંસ્કૃત પ્રાકૃતભાષાના તીવ્ર બોધ વિષે વાચકોને ખ્યાલ આવી શકે તેમ છે.

આ લેખ લખવામાં લેખકે અનેક ગ્રંથો જોવાની, તેમાંથી જરૂરી આધારો લખી લેવાની અને તેને યોગ્ય સ્થાનકે ગોઠવવાની પ્રવૃત્તિ કરવામાં વખતનો ભોગ પણ વિશેષ આપેલો દૃષ્ટિગોચર થાય છે.

પ્રાંતે લેખકનો અને પ્રકાશક સભાનો પ્રયાસ ફળિભૂત થાય એટલે કે પ્રાકૃતભાષાની ઉપયોગિતા વિદ્વાનોના હૃદયમાં ઉતરે એટલું ઇચ્છી આ ટુંકું નિવેદન સમાપ્ત કરવામાં આવે છે.

તા. ૧૦-૧૦-૩૨
ગુરૂવાર

શ્રી જૈનધર્મ પ્રસારક સભા,
ભાવનગર.

પ્રાકૃતભાષાની ઉપયોગિતા.

મે. પ્રમુખ સાહેબ !

વિદ્યાવિલાસી સજ્જનો અને વિદ્યાર્થી બંધુઓ !

આ સંસ્થાના ઇનામી મેળાવડા પ્રસંગે 'પ્રાકૃતભાષાની ઉપયોગિતા' સંબંધમાં બોલવા મ્હને તક આપી, તે માટે આપનો હું આભાર માનું છું. જે સંસ્થાનો આ ઇનામી મેળાવડો કરવામાં આવ્યો છે, તે સંસ્થાની પ્રગતિ જોઇ મ્હને આનંદ થાય છે; અને તેનું ખાસ કારણ પણ છે કે—આજથી લગભગ બાર વર્ષ પહેલાં આ સંસ્થા સાથે મ્હારો અધ્યાપક તરીકેનો સંબંધ દોઢેક વર્ષ સુધી રહ્યો હતો. મ્હારી નિમણુક

---

* ભાવનગર જૈનધર્મ પ્રસારક સભામાં, તેના તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળા તથા પં. ગંભીરવિજયજી સં. પ્રા. પાઠશાળાના ઇનામી મેળાવડા પ્રસંગે તા. ૧૦–૭–૩૨ રવિવારે અપાયેલું ભાષણ, શોધિત–પરિવર્ધિત.

વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિર(સેન્ટ્રલ લાયબ્રેરી (સં. પુસ્તકાલય)માં થયા પછી અહિંની આ સંસ્થામાં મ્હારા મિત્ર વ્યાકરણતીર્થ પંડિત જગજીવનભાઇની યોજના થઇ અને તેમણે શરીરની અસ્વસ્થ સ્થિતિમાં પણ હતોત્સાહ ન થતાં આ સંસ્થાને ઉન્નત કરવા પોતાથી બનતું કર્યું છે; અને આ સંસ્થાના વ્યવહારનિપુણ કર્ત્તવ્યદક્ષ સંચાલકોએ તેમના ઉત્સાહને અખંડિત રાખ્યો છે. એ રીતે સંતોષકારક આવેલું પરિણામ જોતાં આનંદ થાય—એ સ્વાભાવિક જ છે.

' **પ્રાકૃતભાષાની** ઉપયોગિતા ' વિષયની પસંદગી કરી તે સંબંધમાં બોલવા મ્હને પ્રેરણા કરવામાં આવી છે—એ પ્રસંગોચિત છે; કારણકે—પ્રાકૃતભાષા તરફ સંસ્કૃતભાષાપ્રેમી વિદ્વાનોએ કેટલાક વખતથી દુર્લક્ષ્ય કરેલું જણાય છે, એટલું જ નહિ, આપણે જૈનો કે જેનાં સિદ્ધાંત—સૂત્રો અને જેનું પ્રાચીન બહોળું વાઙ્મય એ જ અર્ધમાગધી અપરનામ આર્ષપ્રાકૃતભાષામાં રચાયેલું મળી આવે છે; તેઓ પણ તે ભાષાના વિશેષ અભ્યાસ માટે ઘટતો આદર દર્શાવતા નથી—ઉચિત પ્રયત્ન કરતા નથી, માત્ર પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રોના મુખપાઠથી સંતોષ માની લઇએ છીએ—એ શોચનીય સ્થિતિ દૂર કરવાની આવશ્યકતા છે.

પ્રાકૃતભાષાના વિશિષ્ટ ગુણોને ન સમજનારા સંસ્કૃતજ્ઞ કેટલાક પંડિતો તેને માત્ર જૈનોની જ ભાષા સમજી ધર્મના પક્ષપાતથી કે અજ્ઞાનજન્ય સંકુચિતતાથી અથવા એવા જ કોઇ ભ્રમમૂલક ક્ષુદ્ર કારણથી અકૃત્રિમ—સ્વાદુપદવાળી પ્રકૃતિ—મધુર પ્રાકૃતભાષાનો અનાદર કરે છે-તે તરફ પ્રેમ વરસાવતાં પાછાં પગલાં ભરે છે. સંસ્કૃતભાષાના પક્ષપાતી કેટલાક સાક્ષરો પ્રાકૃત-

ભાષાને સંસ્કૃતભાષાપરથી ઉતરી આવેલી, યા તે પરથી વિકૃત થયેલી, કે અપભ્રષ્ટ થયેલી માની તેની અવગણના કરે છે; પરંતુ પ્રકૃતિવત્સલ પ્રકૃતિસિદ્ધ પ્રાકૃતભાષા સર્વત્ર પ્રેમામૃત વરસાવે છે. વર્તમાન પ્રાકૃત–દેશી ભાષાએ (ગુજરાતી, હિંદી, મરાઠી, બંગાળી વિગેરે)નાં મૂળો એ પ્રાચીન પ્રાકૃતમાં છે; એવું જ્યારે સમજાશે ત્યારે એની પૂજા થશે. બંગાળના કેટલાક વિદ્વાનોને એ તત્ત્વ સમજાયું છે. હિંદી વિશ્વકોષ [ ]માં જોવાથી જણાશે કે–તેમણે બંગાળીભાષાની ઉત્પત્તિ પ્રાકૃતભાષાથી માન્ય રાખી છે. એ તત્ત્વ સમજવા માટે પ્રાકૃતભાષાનો અભ્યાસ વધારવાની જૈન અને જૈનેતર સૌ કોઈની ફરજ છે. પ્રાકૃતભાષા એ કાંઇ જૈનોએ જ રજીસ્ટર કે રીઝવર્ડ કરાવેલી નથી, સૌ કોઇ તેનો ઉપયોગ કરી શકે છે–તેનો લાભ લઇ શકે છે. જેમ જેમ ઉંડા ઉતરી શોધખોળ કરવામાં આવશે, તેમ તેમ તે સંબંધી કલ્પેલા મિથ્યા અભિપ્રાયો અને ભ્રમો દૂર થશે, ત્યારે સત્ય–સૂર્યનો પ્રકાશ પ્રસરશે.

પ્રાકૃતભાષાની વ્યાપકતા.

સંસ્કૃત અને પ્રાકૃત એ બંને ભાષાએ આપણા આર્યાવર્તની–ભારતવર્ષની પ્રાચીન અને પ્રધાન ભાષા છે. નિર્મળ બે આંખો છે. ભારતીય પ્રાચીન સંસ્કૃતિ સમજવા માટે જેટલી આવશ્યકતા સંસ્કૃતભાષાની છે, ભારતીય પ્રાચીન પ્રકૃતિ સમજવા માટે તેટલી અથવા તેથી વધારે અગત્ય વિસ્તૃત વ્યાપક પ્રાકૃતભાષાની છે. શંભુરહસ્ય(ઇંડિયન્ એન્ટિકવેરી ૧૯૧૬ સપ્ટેંબર પૃ. ૧૪૫) જેવા જૈનેતર ગ્રંથોમાં પ્રાકૃતભાષાને સંસ્કૃતભાષા જેટલા ઉચ્ચ સ્થાને સ્થાપી તેની પ્રશસ્તિ પણ ઉચ્ચારેલી મળી આવે છે. સંસ્કૃત–પક્ષપાતી કેટ-

લાક સાક્ષરો માને–મનાવે છે તેમ કોઇ કાળે સર્વત્ર સંસ્કૃત-ભાષા જ પ્રચલિત હશે ! સ્ત્રીઓ, બાળકો, મંદો–મૂર્ખો, ઉચ્ચ–નીચ સર્વ કોઇ સંસ્કૃત જ બોલતા હશે ! અથવા સર્વ કોઇનો સર્વ વ્યવહાર સંસ્કૃતમાં જ થતો હશે–એ કલ્પનામાં ન આવી શકે–માની ન શકાય તેવી માન્યતા છે. અલબત્ત, અમુક કાળે સંસ્કૃતભાષાનું પ્રાધાન્ય હશે–તેમ સ્વીકારી શકાય. કાવ્ય-મીમાંસા[ગા. ઓ. સિ. પૃ. ૫૦]માં કવિ રાજશેખરે કરેલા ઉલ્લેખ પ્રમાણે ‘ સંભળાય છે કે—ઉજ્જયિની(માળવા)માં થયેલા સાહસાંક(વિક્રમાદિત્ય) નામના રાજાએ પોતાના અન્તઃપુર-માં જ સંસ્કૃતભાષાત્મક નિયમ પ્રવર્તાવ્યો હતો.[૧] ’ સંસ્કૃત ભાષાની ક્લિષ્ટતા, દુરુચ્ચારતા, દુર્બોધતા સંબંધમાં ઘણા સાક્ષરોએ ઘણીવાર ઉચ્ચાર્યું છે અને આ સંસ્થાના સંબંધમાં અભિપ્રાય આપતાં હાઇસ્કુલના શિક્ષકોએ પણ તેવું જ સહજ વચન ઉચ્ચાર્યું છે–એ આપણે હમણાં જ સાંભળ્યું. એ તરફ આપણે દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીએ તો સંસ્કૃતભાષા બોલનાર, સમજનાર અને તેનો વ્યવહાર કરનાર સાક્ષરવર્ગ અમુક જ ગણ્યો–ગાંઠ્યો જ હોઇ શકે; જ્યારે સ્ત્રીઓ, બાળકો અને ઇતર વિશાળ પ્રાકૃતવર્ગની–આબાલ-ગોપાલ સર્વ–સાધારણની માનીતી ભાષા પ્રાકૃત જ સંભવે. એથી વિશાળ સમુદાય પર ઉપકાર કરવામાં સાધનભૂત પ્રાકૃતભાષા જ કહી શકાય.

પ્રાકૃતભાષા અને પ્રાકૃતકાવ્યમાં રહેલ પ્રકૃતિમધુરતા–અકૃત્રિમસ્વાદુતા, મૃદુતા, સરસતા, સરલતા, બાલાદિ–બોધ-

---

૧ श्रूयते चोज्जयिन्यां साहसाङ्को नाम राजा तेनान्तःपुर एव संस्कृत–भाषात्मको नियमः प्रवर्तितः ।

પ્રાકૃતભાષા અને પ્રાકૃતકાવ્યમાં રહેલી વિશિષ્ટતા.

કારિતા, મહિલામનોવલ્લભતા, સર્વજન-પ્રિયતા વિગેરે સદ્‌ગુણો સંબંધમાં ગુણજ્ઞ ગુણરાગી અનેક સજ્જનોએ–જૈન અને જૈનેતર પ્રાચીન પ્રૌઢ કવિઓએ પોતાના હૃદયોદ્‌ગાર પ્રકાશિત કર્યા છે, તે ખાસ લક્ષ્યમાં લેવા યોગ્ય છે. એ પરથી પ્રાકૃતભાષાની ઉપયોગિતા સારી રીતે સમજાશે.

કળાઓ, લોકવૃત્તાંતો અને મહાપુરુષોનાં વચનામૃતોથી ભરપૂર સુખગ્રાહ્ય પ્રાકૃત.

શક સં. ૭૦૦=વિ. સં. ૮૩૫માં રચેલી પ્રાકૃત કુવલયમાલાકથામાં **દાક્ષિણ્યચિહ્નસૂરિ**, એક મનુષ્યના મુખથી સંસ્કૃતને દુર્જનોના હૃદયની જેવું દુર્ગમ અને વિષમ ઓળખાવ્યા પછી પ્રાકૃત સંબંધમાં ઉચ્ચાર કરાવે છે કે—

" તો શું **પ્રાકૃત** હશે ? હું, તે પણ નથી, કારણકે **તે તો સકળ કળાઓના સમૂહરૂપ** પાણીના કલ્લોલોથી ભરપૂર, **લોકવૃત્તાંતોના મહાસાગરરૂપ, મહાપુરુષોના મુખમાંથી નીકળેલા અમૃતરસનાં બિંદુઓના સમૂહરૂપ**, સંઘટિત ક્રમવાળા વર્ણો અને પદોનાં વિવિધ રૂપોની **રચનાથી શોભતું, સજ્જનના વચન જેવું સુખે ગ્રહણ કરી શકાય તેવું હોય છે.**[1] "

---

१ " ता किं पाययं होज्ज ? । हुं, तं पि णो । जेण तं सयलकलाकलावमालाजलकल्लोलसंकुलं लोयवुत्तंतमहोअहिमहापुरिस-

પ્રાકૃતની સુબો-ધતા અને સરસતા.

વિ. સં. ૯૬૨માં ઉપમિતિભવપ્રપંચા નામની વિસ્તૃત ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ આધ્યાત્મિક કથાને સંસ્કૃતપ્રેમી-વિદગ્ધોના સંતોષ માટે સંસ્કૃતમાં રચવા છતાં પ્રાકૃતભાષાની વિશિષ્ટતાને પ્રતિપાદન કરતાં સમર્થ વિદ્વાન્ સિદ્ધર્ષિ ઉચ્ચારે છે કે—

" સંસ્કૃત અને પ્રાકૃત એ બંને ભાષાઓ પ્રાધાન્ય માટે યોગ્ય છે, તેમાં પણ સંસ્કૃત તો દુર્વિદગ્ધો(પંડિતંમન્યો)ના હૃદયમાં રહેલી છે.

બાલકોને અને બાલાઓને પણ સદ્બોધ કરનારી અને કાનને ગમે તેવી હોવા છતાં પણ પ્રાકૃતભાષા, તેઓ(દુર્વિદગ્ધો)ને દીપતી-રુચતી નથી.

છતે ઉપાયે સર્વનું ચિત્ત-રંજન કરવું જોઇએ; એથી તે (દુર્વિદગ્ધો)ના અનુરોધ(આગ્રહ)વડે આ કથા સંસ્કૃત કરવામાં આવશે[1] "

मुहणुग्गयामयणीसंदबिंदुसंदोहं संघडिए एक्केक्कमवण्णापय–णाणा-रूवविरयणासहं सज्जणवयणं पिव सुहसंगयं ॥ "

—પ્રાકૃત કુવલયમાલાકથામાં દાક્ષિણ્યચિહ્નસૂરિ [વિશેષ માટે જુઓ અપભ્રંશકાવ્યત્રયીની અમ્હારી ભૂમિકા પૃ. ૯૭]

૧ " संस्कृता प्राकृता चेति भाषे प्राधान्यमर्हतः ।
तत्रापि संस्कृता तावद् दुर्विदग्धहृदि स्थिता ॥
बालानामपि सद्बोधकारिणी कर्णपेशला ।
तथापि प्राकृता भाषा न तेषामपि भासते ॥

એક હજાર વર્ષ પૂર્વે થયેલા મહેશ્વરસૂરિ, પંચમીમાહાત્મ્ય[1] નામના પ્રાચીન ગ્રંથ(જેની વિ. સં. ૧૦૦૯ માં લખાયેલી તાડપત્ર પોથી જેસલમેરના પુસ્તકભંડારમાં છે)ને પ્રાકૃતભાષામય કાવ્યમાં રચતાં સૂચવે છે કે—

" મંદબુદ્ધિવાળા મનુષ્યો, સંસ્કૃત કાવ્યના અર્થને જાણતા નથી, તેથી સર્વ જનો(મંદબુદ્ધિ, સ્ત્રીઓ, બાલકો વિગેરે)ને પણ સુખેથી બોધ કરે તેવું–સહેલાઇથી સમજાય તેવું-આ પ્રાકૃત રચ્યું છે.

ગૂઢ અર્થવાળા દેશી શબ્દોથી રહિત, સુલલિત વર્ણોથી રચેલું રમણીય પ્રાકૃતકાવ્ય, લોકમાં કોના હૃદયને સુખ કરતું નથી ?–ગમતું નથી ?

પરોપકાર–પરાયણ પુરુષે આ લોકમાં તે ભાષા બોલવી જોઇએ, કે જે ભાષાવડે બાલ, બાલા વિગેરે સર્વ કોઇને પણ વિશેષ બોધ થઇ શકે.[2] "

उपाये सति कर्तव्यं सर्वेषां चित्तरञ्जनम् ।
अतस्तदनुरोधेन संस्कृतेयं करिष्यते ॥ "

—સિદ્ધર્ષિની ઉપમિતિભવપ્રપંચા કથા પીઠબંધ [શ્લો. ૫૧–૫૩]

૧ એના એક ભાગનો ગુજરાતી અનુવાદ, આ લેખકદ્વારા પ્રસિદ્ધ થઇ ગયો છે.

૨ " सक्कयकव्वस्सत्थं जेण न याणंति मंदबुद्धिया ।
सव्वाण वि सुहबोहं तेणेमं पाइयं रइयं ॥

પ્રાકૃતકાવ્યની મધુરતા.

વિક્રમની બીજી સદીમાં થયેલા મહારાજા કવિવત્સલ હાલ, ગાથાસપ્તશતી–ગાથાકોષના પ્રારંભમાં સૂચવે છે કે–" જેઓ અમૃત જેવા પ્રાકૃતકાવ્યને ભણવાનું અને સાંભળવાનું જાણતા નથી અને કામના તત્ત્વ(રહસ્ય)ની ચિંતા કરે છે, તે લાજતા કેમ નથી ?[1] "

કવિ દંડી કાવ્યાદર્શમાં ઉલ્લેખ કરે છે કે—

" વિદ્વાનો મહારાષ્ટ્રનો આશ્રય પામેલી ભાષાને પ્રકૃષ્ટ પ્રાકૃત કહે છે; જે સૂક્તિ–સુભાષિતરૂપી રત્નોનો સાગર છે, સેતુબંધ વિગેરે કાવ્ય, જે–પ્રાકૃતભાષામય છે.[2] "

गूढत्थदेसिरहियं सुललियवन्नेहिं विरइयं रम्मं ।
पाइयकव्वं लोए कस्स न हिययं सुहावेइ ? ॥
परउवयारपरेणं सा भासा होइ एत्थ भणियव्वा ।
जायइ जीए विबोहो सव्वाण वि बालमाईणं ॥ "

—મહેશ્વરસૂરિના પંચમીમાહાત્મ્ય[જેસલમેરના ભંડારની વિ. સં. ૧૦૦૯ માં લખાયેલી તાડપત્ર પ્રતિ]માં.

१ " अमयं पाइयकव्वं पढिउं सोउं च जे न जाणंति ।
कामस्स तत्ततत्तिं कुणंति ते कह न लज्जंति ? ॥ "

—કવિવત્સલ હાલની ગાથાસપ્તશતીમાં [ગા. ૩]

२ " महाराष्ट्राश्रयां भाषां प्रकृष्टं प्राकृतं विदुः ।
सागरः सूक्तिरत्नानां सेतुबन्धादि यन्मयम् ॥ "

—કવિ દંડીના કાવ્યાદર્શમાં [૧૩૪]

વરરુચિના પ્રાકૃતપ્રકાશ પર પદ્યવૃત્તિ રચનાર વિદ્વાન્ કહે છે કે-

" અહો ! તે પ્રાકૃત, મનોહર છે, પ્રિયાના મુખરૂપી ચંદ્ર જેવું સુંદર છે; જેમાં અમૃત જેવી રસ-ભરપૂર સૂક્તિઓ શોભે છે. [1] "

ત્રિવિક્રમદેવ પ્રાકૃતશબ્દાનુશાસનમાં સૂચવે છે કે-

" બહોળા અર્થવાળા અને સુખે ઉચ્ચારી શકાય તેવા શબ્દ—સાહિત્યનું જીવિત, તે પ્રાકૃત જ છે; એવો મત સૂક્તોને અનુસરનારાઓનો છે. " [2]

પ્રાકૃતકાવ્યની મૃદુતા.

વિક્રમની દસમી સદીમાં થયેલા મનાતા યાયાવરીય કવિ રાજશેખર, કર્પૂરમંજરીસટ્ટકમાં પ્રાકૃત રચનાની સુકોમલતાના સંબંધમાં જણાવે છે કે—" સંસ્કૃત-બંધ(રચના) પરુષ-કઠોર હોય છે, પરંતુ પ્રાકૃત-બંધ(રચના) સુકુમાર (સુકોમલ) હોય છે; પુરુષોમાં અને મહિલાઓમાં જેટલું અંતર

---

१ " अहो ! तत् प्राकृतं हारि प्रियावक्त्रेन्दुसुन्दरम् ।
सूक्तयो यत्र राजन्ते सुधानिःष्यन्दनिर्भराः ॥ "
—પ્રાકૃતમંજરી(પ્રાકૃતપ્રકાશની પદ્યવૃત્તિ)માં.

२ " अनल्पार्थ-सुखोच्चार-शब्दसाहित्यजीवितम् ।
स च प्राकृतमेवेति मतं सूक्तानुवर्तिनाम् ॥ "
—ત્રિવિક્રમદેવના પ્રાકૃત શબ્દાનુશાસનમાં.

આ વિષય(કઠોરતા અને કોમલતા)માં છે, તેટલું અંતર આ (બંને રચના) માં છે.[1] ”

વજ્જાલગ્ગ નામના પ્રાકૃતસુભાષિતસંગ્રહમાં એક કવિએ ઉચ્ચાર્યું છે કે–

“ પ્રાકૃત કાવ્યના ઉલ્લાપમાં(ઉચ્ચાર–પ્રસંગે) જે મનુષ્ય પ્રતિવચન(પ્રત્યુત્તર) સંસ્કૃતવડે આપે છે; તે અબુધ(મૂર્ખ) કુસુમના સ્રસ્તરને–કોમળ ફૂલોની શય્યાને–સેજને પત્થરવડે વિનષ્ટ કરે છે–છુંદે છે.[2] ”

એ જ ગ્રંથમાં પ્રાકૃતકાવ્ય સંબંધમાં ઉલ્લેખો મળે છે કે–

પ્રાકૃતકાવ્યમાં લાલિત્ય વિગેરે સદ્ગુણો

“ દેશી(ગૂઢ અર્થવાળા) શબ્દોથી રહિત, મધુર અક્ષરો અને મધુર છંદોમાં રહેલું, લલિત, સ્ફુટ, વિકટ(વિસ્તૃત) અને પ્રકટ અર્થવાળું પ્રાકૃતકાવ્ય અવશ્ય ભણવું જોઇએ. ”

“ લલિત, મધુર અક્ષરોવાળું, યુવતિજનોનું વલ્લભ (વહાલું), શૃંગારવાળું પ્રાકૃતકાવ્ય હોવા છતાં સંસ્કૃત ભણવા કોણ ચાહે ?”

---

१ “ परुसो सक्कअबंधो पाउअबंधो वि होइ सुउमारो ।
पुरिसाणं महिलाणं जेत्तियमिहंतरं तेत्तियमिमाणं ॥ ”

—યાયાવરીય કવિરાજશેખરના કર્પૂરમંજરીસટ્ટકમાં.

२ “ पाइयकव्वुल्लावे पडिवयणं सक्कएण जो देइ ।
सो कुसुमसत्थरं पत्थरेण अबुहो विणासेइ ॥ ”

—વજ્જાલગ્ગ (પ્રાકૃતસુભાષિતસંગ્રહ)માં.

" પ્રાકૃતકાવ્યમાં જે રસ છે, તેમજ છેક(ચતુર જનો)ના સુભાષિતોદ્વારા જે રસ ઉત્પન્ન થાય છે; તેથી અને સુવાસિત શીતલ જલથી અમ્હે તૃપ્તિ પામતા નથી. "

" પ્રાકૃતકાવ્ય ભણવાનું, તેમજ કુટજ(શતપત્રિકા)ના પુષ્પને ગુંથવાનું અને કુપિત થયેલાને પ્રસન્ન કરવાનું આજ (હજુ) પણ ઘણા જાણતા નથી.[1] "

પ્રાકૃતની વ્યુત્પત્તિ

રુદ્રટકવિના કાવ્યાલંકાર પર વિ. સં. ૧૧૨૫ માં ટિપ્પન રચતાં નમિસાધુ નામના વિદ્વાને પ્રાકૃત ભાષાની વ્યુત્પત્તિ સૂચવી છે કે-' **સકળ જગત્‌ના જંતુઓનો વ્યાકરણ વિગેરે દ્વારા ન આહ(હ)ત થયેલા**-ન ઘડાયેલા-ન સ્થપાયેલા **સંસ્કારવાળો સહજ**-સ્વાભાવિક—કુદરતી **વચન-વ્યાપાર** એ **પ્રકૃતિ;** તેમાં થયેલ અથવા **તે જ પ્રાકૃત.** અથવા ' આર્ષવચનમાં સિદ્ધ દેવોની અર્ધમાગધી

૧ " देसियसद्दपलोट्टं महुरक्खर-छंदसंठियं ललियं ।
फुड-वियड-पायडत्थं पाइयकव्वं पढेयव्वं ॥
ललिए महुरक्खरए जुवईयणवल्लहे ससिंगारे ।
संते पाइयकव्वे को सक्कइ सक्कयं पढिउं ? ॥
पाइयकव्वम्मि रसो जो जायइ तह व छेयभणिएहिं ।
उययस्स य वासियसीयलस्स तित्तिं न वच्चामो ॥
पाइयकव्वं पढिउं गुंफेउं तह य कुज्जपसूणं ।
कुवियं च पसाएउं अज्ज वि बहवो न जाणंति ! ॥ "

—વજ્જાલગ્ગ(પ્રાકૃત પદ્યસંગ્રહ)

વાણી હોય છે ' એવા પ્રકારનું વચન મળતું હોવાથી પ્રાક્–પૂર્વે કરેલું તે પ્રાક્કૃત; બાલકો, મહિલાઓ વિગેરેને સુબોધ કરનારૂં, સકળ ભાષાઓનું નિબંધનભૂત–કારણરૂપ વચન કહેવાય છે, આથી જ શાસ્ત્રકારે(રુદ્રટે) પ્રાકૃતનો પ્રથમ અને સંસ્કૃત વિગેરેનો પછી નિર્દેશ કર્યો છે. મેઘે મૂકેલા પાણીની જેમ એકસ્વરૂપવાળું તે જ પ્રાકૃત વચન, દેશવિશેષથી અને સંસ્કાર કરવાથી વિશેષતા પ્રાપ્ત કરતું છતું સંસ્કૃત વિગેરે ઉત્તર વિભેદોને પામે છે. પાણિનિ વિગેરેનાં વ્યાકરણોમાં કહેલ શબ્દલક્ષણદ્વારા સંસ્કરણ કરવાથી તે સંસ્કૃત કહેવાય છે. પ્રાકૃતભાષા જ કાંઇક વિશેષ લક્ષણથી માગધિકા કહેવાય છે. પ્રાકૃત જ કાંઇક વિશેષ લક્ષણથી પૈશાચિક કહેવાય છે. તેવી જ રીતે શૌરસેની પણ પ્રાકૃતભાષા જ છે; તથા પ્રાકૃત જ અપભ્રંશ કહેવાય છે.[1]"

" १ सकलजगज्जन्तूनां व्याकरणादिभिरनाहत(हि)तसंस्कारः सहजो वचनव्यापारः प्रकृतिः । तत्र भवं सैव वा प्राकृतम् । ' आरिसवयणे सिद्धं देवाणं अद्धमागहा वाणी ' इत्यादिवचनाद् वा प्राक् पूर्वं कृतं प्राकृतं बाल–महिलाऽऽदिसुबोधं सकलभाषानिबन्धनभूतं वचनमुच्यते । मेघनिर्मुक्तजलमिवैकस्वरूपं तदेव च देशविशेषात् संस्कारकरणाच्च समासादितविशेषं सत् संस्कृताद्युत्तरविभेदानाप्नोति । अत एव शास्त्रकृता प्राकृतमादौ निर्दिष्टम्, तदनु संस्कृतादीनि । पाणिन्यादिव्याकरणोदितशब्दलक्षणेन संस्करणात् संस्कृतमुच्यते । तथा प्राकृतभाषैव किञ्चिद्विशेषलक्षणान्मागधिका भण्यते । तथा प्राकृतमेव

આ ઉપરથી આપણે પ્રાકૃત–ભાષાની પ્રાચીનતા અને વ્યાપકતા –વિશાલતા વિચારી શકીએ.

પ્રાકૃતથી સંસ્કૃત કે સંસ્કૃતથી પ્રાકૃત ?

સુપ્રસિદ્ધ વિદ્વાન્ હેમચંદ્રાચાર્યે પ્રાકૃત શબ્દાનુશાસનના પ્રારંભમાં પ્રાકૃત શબ્દની વ્યુત્પત્તિ કરતાં પ્રકૃતિ સંસ્કૃત સૂચવી છે, તેને બીજા પણ અનુસર્યા છે. એથી ઘણા લોકો ભ્રાન્તિમાં પડ્યા જણાય છે; પરંતુ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીએ તો ભ્રમ દૂર થઈ શકે અને હેમચંદ્રાચાર્યનો શુદ્ધ આશય સમજી શકાય. ત્યાં સંસ્કૃત પ્રકૃતિ પરથી પ્રાકૃત શબ્દોનું અનુશાસન કરવાનું હોવાથી–સંસ્કૃતપરથી પ્રાકૃત શીખવવાનું હોવાથી તેવું સૂચન છે. તેનો આશય એ હોઇ શકે કે સંસ્કૃતમાં અમુક અમુક પ્રકારનો ફેરફાર કરવાથી–સંસ્કાર ખેંચી લેવાથી પ્રાકૃતનો પ્રકાશ જોઇ શકાય. પ્રાકૃત તો પ્રથમથી સિદ્ધ જ છે, જૈન આગમોમાં અને ઇતર સાહિત્યમાં તે પ્રાચીન સમયથી વપરાતું આવ્યું છે; જેને સંસ્કૃત પરથી તે જાણવું હોય તેણે સંસ્કૃત–પ્રકૃતિમાંથી વ્યાકરણની પદ્ધતિએ પ્રત્યય, લોપ, આગમ કે વર્ણવિકાર કરવા–અમુક અમુક ફેરફાર કરવા–એટલે પ્રાકૃતનો ખ્યાલ કરી શકાશે. આવા જ કારણથી વ્યાકરણશાસ્ત્રીઓ એ પ્રાકૃતને तज्जा, तद्भव, संस्कृतभव એવા એવા નામથી ઓળખાવે છે. વસ્તુતઃ પ્રાકૃતભાષા, તેવી રીતે સંસ્કૃત

किञ्चिद्विशेषात् पैशाचिकम् । सू(शौ)रसेन्यपि प्राकृतभाषैव । तथा प्राकृतमेवापभ्रंशः । ”

રુદ્રટના કાવ્યાલંકાર પર નમિસાધુએ વિ. સં. ૧૧૨૫ માં રચેલા ટિપ્પનમાં[પૃ. ૨૧૨].

પરથી વિકૃત થઇને કે અપભ્રષ્ટ થઈને યા ફેરફાર થતાં થતાં તેવી બની ગઇ નથી. દેશીનામમાલામાં **અનાદિપ્રવૃત્તપ્રાકૃતવિશેષને** દેશી તરીકે ઓળખાવનાર, અભિધાનચિંતામણિમાં વર્તમાન, ભૂત અને ભવિષ્યના સર્વ તીર્થંકરોની ભાષાને અર્ધમાગધી સૂચવનાર અને પ્રમાણમીમાંસામાં વિદ્યાઓને અનાદિ પ્રતિપાદન કરનાર હેમચંદ્રાચાર્યની પૂર્વોક્ત વ્યુત્પત્તિ ત્યાં પ્રાસંગિક-ઔપચારિક છે. તે પરથી કોઇએ એમ માની લેવાની ભૂલ કરવી ન ઘટે કે-પ્રાકૃત, એ સંસ્કૃત પ્રકૃતિપરથી વ્યાકરણમાં દર્શાવેલી સાધનિકા પ્રમાણે ફેરફાર થઇને ઉત્પન્ન થઇ છે. અપ્રસિદ્ધ કુમારપાલચરિત્રમાં સૂચવ્યા પ્રમાણે હેમચંદ્રાચાર્યે પ્રાકૃતભાષાને પ્રથમ પ્રતિપાદન કરી છે. **અપભ્રંશકાવ્યત્રયીની** ભૂમિકામાં અમ્હે એ વિસ્તૃત ઉલ્લેખ દર્શાવ્યો છે. વિશેષ વિચાર કરતાં **પ્રાકૃતપરથી સંસ્કૃત** અને બીજી ભાષાઓ નીકળેલી જણાય છે. વિક્રમની નવમી સદીમાં થયેલા જણાતા કવિરાજ **વાક્પતિરાજ**, ગઉડવહો નામના પ્રાકૃત-કાવ્યમાં, પ્રાકૃત સંબંધમાં પોતાનો એવો અભિપ્રાય ખુલ્લા દિલથી પ્રકટ કરે છે કે—"**સંસ્કૃત વચનોનું લાવણ્ય પ્રાકૃત છાયાથી ખીલે** છે-ખુલે છે; **સંસ્કૃત સંસ્કાર ખેંચી લેવાથી**-કાઢી નાખવાથી **પ્રાકૃતનો પણ પ્રભાવ પ્રકટ-ખુલ્લો થાય છે.** ખરેખર, **નવા અર્થનું દર્શન, રચનાની સુકોમળ બંધસમૃદ્ધિ** આ, ભુવનબંધથી લઇને-જગત્-સૃષ્ટિથી માંડીને-આ(પ્રાકૃત)માં **અવિરલ છે**—બહોળા પ્રમાણમાં છે. **સઘળી વાચા**-વાણી **આ(** પ્રાકૃત **)માં પેસે છે અને આ(** પ્રાકૃત **)માંથી** જ **વાચાઓ**-વાણી **નીકળે છે. સઘળાં પાણી સમુદ્રમાં જ આવે છે અને સાગર-**

માંથી જ નીકળે છે. આંખોને વિકસાવનાર અને મુકુલિત કરનાર(મીંચાવનાર) હૃદયનો બહિર્ભાવ (બહારનો) અને અંતર્મુખ હર્ષવિશેષ–વિશિષ્ટ પ્રકારનો આનંદ આ(પ્રાકૃત)માં વિશેષતાથી સ્ફુરે છે.[1] ” કવિ રાજશેખરે પણ ‘ यद् योनिः किल संस्कृतस्य ’ ઉચ્ચારતાં એવું જ સૂચન કર્યું છે.

લગભગ બે હજાર વર્ષ પહેલાં થયેલા મનાતા મહર્ષિ પતંજલિએ પાણિનીય–ભાષ્યમાં એકેક શબ્દના ઘણા અપભ્રંશો સૂચવી ગાવી, ગોણી વિગેરે શબ્દોનો તેમાં ઉલ્લેખ કર્યો છે; કે જે શબ્દો જૈન સિદ્ધાંતગ્રંથોમાં—પ્રાચીન પ્રાકૃત–સાહિત્યમાં પરમ આદરપૂર્વક પ્રયોજાયેલા મળી આવે છે. કાવ્યાદર્શમાં કવિ દંડીએ સૂચવ્યા પ્રમાણે—‘શાસ્ત્રોમાં સંસ્કૃત સિવાયનું અન્ય, અપભ્રંશ તરીકે કથન કરાયેલું છે.’ અપભ્રંશ તરીકે કહેવાયેલું તે બહુધા પ્રાકૃત સાથે સંબંધ ધરાવે છે.

---

१ “उम्मिल्लइ लायण्णं पययच्छायाएँ सक्कयवयाणं ।
सक्कयसक्कारुक्करिसणेण पययस्स वि पहावो ॥
णवमत्थदंसणं संनिवेससिसिराओ बंधरिद्धीओ ।
अविरलमिणमो आभुवणबंधमिह णवर पययम्मि ॥
सयलाओ इमं वाया विसंति एत्तो य णेंति वायाओ ।
एन्ति समुद्दं चिय णेन्ति सायराओ च्चिय जलाइं ॥
हरिसविसेसो वियसावओ य मउलावओ य अच्छीण ।
इह बहिहुत्तो अंतोमुहो य हिययस्स विप्फुरइ ॥ ”

—વાક્પતિરાજના ગઉડવહો કાવ્યમાં [ગા. ૬૫-૯૨-૯૪]

વિશેષમાં એવા હજારો શબ્દો અને ક્રિયાપદો સૂચવી શકાય તેમ છે કે-જે શબ્દો બે અઢી હજાર વર્ષના પ્રાચીન પ્રાકૃત સાહિત્યમાં આપણે જોઇ-વાંચી શકીએ છીએ. જે પ્રાચીન પ્રાકૃત શબ્દોનો વ્યવહાર, આપણા આર્યાવર્ત-ભારતવર્ષમાં આપણા પૂર્વજોદ્વારા થતો હતો; તે જ શબ્દો આજે પણ સહજ ફેરફાર સાથે કે તેવા જ સ્વરૂપમાં આપણે વર્તમાન પ્રાકૃતભાષા-દેશભાષાઓમાં વ્યવહારમાં વાપરીએ છીએ-બોલચાલમાં તેનો ઉપયોગ કરીએ છીએ-તો પછી તે સંસ્કૃત પરથી વિકૃત કે અપભ્રષ્ટ થઇને બનેલા છે-એમ કહેવાનું સાહસ કેમ કરી શકીએ ? સરખાવવા માટે અહિં થોડા શબ્દો દર્શાવીશું—

પ્રાકૃતમાં	ભાષામાં	પ્રાકૃતમાં	ભાષામાં
૧ ઘર-	ઘર	૧૬ વુડ્ઢો-	બુઢ્ઢો
૨ બોર-	બોર	૧૭ વુડ્ઢી-	બુઢ્ઢો
૩ દીવો-	દીવો	૧૮ દહિં-	દહિં
૪ દાઢ-	દાઢ	૧૯ દુદ્ધ-	દુધ
૫ હરડઇ-	હરડે	૨૦ પારેવઓ-	પારેવો
૬ બહેડયં-	બહેડું	૨૧ લપ્પસિય-	લાપસી
૭ મટ્ટી-	માટી	૨૨ ઘડો-	ઘડો
૮ નાલિએર-	નાલિએર	૨૩ કપ્પડિઆ-	કાપડિયા
૯ કોત્થલો-	કોથળો	૨૪ સેટ્ઠિયા-	શેઠિયા
૧૦ હેટ્ઠ-	હેઠ	૨૫ વાણિયા-	વાણિયા
૧૧ હત્થ	હાથ	૨૬ કુંભાર-	કુંભાર
૧૨ ગામ-	ગામ	૨૭ લોહાર-	લુ (લો) હાર
૧૩ સગા-	સગા	૨૮ ગંઠી-	ગાંઠ
૧૪ પત્થર-	પત્થર	૨૯ પોત્થિયા-	પોથી
૧૫ સત્થિઓ-	સાથીઓ		

૩૦	બહિણી-	બહેન
૩૧	માઉસિઆ-	માશી
૩૨	ભાઉજ્જાયા-	ભોજાઈ
૩૩	લડ્ડુ-	લાડુ
૩૪	મોત્તિઅ	મોતી
૩૫	અમ્હે-	અમ્હે
૩૬	ચઉવીસ-	ચોવીશ
૩૭	છત્તીસ-	છત્રીશ
૩૮	બાવન્ન-	બાવન
૩૯	પચ્છા-	પછી
૪૦	સચ્ચયં-	સાચું
૪૧	મત્થયં-	માથું
૪૨	પુલ્લા-	પોડલા
૪૩	લટ્ઠી-	લાઠી
૪૪	મુટ્ઠી-	મુઠી
૪૫	કોઇ-	કોઇ
૪૬	સાસૂ-	સાસૂ
૪૭	સસુરો-	સસરો
૪૮	નણંદા-	નણંદ
૪૯	દેર-	દેર
૫૦	જેટ્ઠ-	જેઠ
૫૧	ગુજ્જરત્તા-	ગુજરાત
૫૨	ભરુઅચ્છ-	ભરૂચ
૫૩	સચ્ચઉર-	સાચોર

૫૪	ગઓ-	ગયો
૫૫	દિટ્ઠો-	દીઠો
૫૬	ઉગ્ઘાડિયા-	ઉઘાડી
૫૭	ચાવેયવ્વા-	ચાવવા
૫૮	સિકખઇ-	શીખે
૫૯	આણેઇ-	આણે
૬૦	ખાયઇ-	ખાય
૬૧	પિયઇ-	પિયે
૬૨	બુલ્લઇ-	બોલે
૬૩	ઉટ્ઠઇ-	ઉઠે
૬૪	નચ્ચઇ-	નાચે
૬૫	સંભરઇ-	સાંભરે
૬૬	કરઇ-	કરે
૬૭	પડઇ-	પડે
૬૮	પકખાલઇ-	પખાલે
૬૯	કડ્ઢઇ-	કાઢે
૭૦	ઉપ્પજ્જઇ-	ઉપજે
૭૧	નિપ્પજ્જઇ-	નિપજે
૭૨	ગજ્જઇ-	ગાજે
૭૩	ખિજ્જઇ-	ખીજે
૭૪	દિજ્જઇ-	દીજે
૭૫	કહઇ-	કહે
૭૬	હોઇ-	હોય
૭૭	નત્થિ-	નથી
૭૮	ફૂલ્લઇ-	ફૂલે

એવા પણ કેટલાક શબ્દો પ્રાચીન પ્રાકૃત સાહિત્યમાંથી આપણને મળી આવે છે કે જે પરદેશની ભાષાઓમાં પણ સહજ ફેરફાર સાથે તે જ અર્થમાં વપરાતા જણાય છે. જેમકે-ઉપાસકદશાંગ નામના ૭ મા અંગસૂત્રમાં નોળીઆ અર્થમાં मुंगुस શબ્દનો પ્રયોગ છે, મરાઠી ભાષામાં પણ એ જ શબ્દ એવા અર્થમાં પ્રસિદ્ધ છે, અને એ જ અર્થમાં અંગ્રેજી ભાષામાં मंगुस શબ્દ મળે છે. એવી રીતે તપાસ કરવાથી અન્ય ભાષાઓમાં પણ ઘણા શબ્દો મળી આવવા સંભવ છે; પ્રાકૃતભાષાની પ્રાચીનતા સમજવા માટે તે પણ ઉપયોગી થઇ શકે.

એવા પણ સેંકડો શબ્દો સૂચવી શકાય તેમ છે કે-થોડા સૈકાઓમાં આપણી પ્રાકૃત-દેશભાષાઓમાં બહારથી ભળેલા અથવા પ્રચલિત થયેલા શબ્દોને સંસ્કૃત-પ્રેમીઓએ સંસ્કૃતમાં સંસ્કારી નવા રૂપમાં બનાવી દીધા છે-એમ આપણે તે તે ભાષાના ઉલ્લેખોને વિવેકથી તપાસતાં વિચારી શકીએ. જેમકે-

ભાષામાં	સંસ્કૃતમાં	ભાષામાં	સંસ્કૃતમાં
૧ લાપસી-	लपनश्री	૯ પંચાસર-	पञ्चाश्रय
૨ બોરસદ-	बदरसिद्धि	૧૦ ગુજ્જર-	गूर्जर
૩ લાડોલ-	लाटापल्ली	૧૧ ગુજરાત-	गूर्जरत्रा
૪ નડીઆદ-	नटीपद्र	૧૨ મરાઠા-	महाराष्ट्रीया
૫ વડોદરા-	वटपद्र	૧૩ ચાવડા-	चापोत्कट
૬ થરાદ-	थारापद्र	૧૪ સોલંકી-	चौलुक्य
૭ મેસાણા-	महीशानपुर	૧૫ ચોહાણ-	चाहुमान
૮ વીજાપુર-	विद्यापुर	૧૬ રાઠોડ-	राष्ट्रकूट, राष्ट्रौढ

ભાષામાં	સંસ્કૃતમાં	ભાષામાં	સંસ્કૃતમાં
૧૭ વાઘેલા–	व्याघ्रपल्लीया	૨૪ નવાબ–	नबाप
૧૮ બાહડ–	वाग्भट	૨૫ મસીદ–	मसीति
૧૯ અંબડ–	आम्रभट	૨૬ આગબોટ–	अग्निनौका (रथ)
૨૦ પેથડ–	पृथ्वीधर	૨૭ આગગાડી–	अग्निशकटी
૨૧ સાહુ–	साधु	૨૮ અંગ્રેજ–	आङ्ग्ल
૨૨ મોગલ–	मुद्गल	૨૯ ઇંગ્લાંડ–	आङ्ग्लभूमि
૨૩ સુલતાન–	सुरत्राण	૩૦ ખીચડી–	त्रिप्रचटिका

વિસ્તારના ભયથી અહિં માત્ર દિગ્દર્શન કરાવ્યું છે. સૂક્ષ્મ દૃષ્ટિથી તુલનાત્મક પદ્ધતિએ પ્રાચીન પ્રાકૃત ભાષા–સાહિત્ય, પ્રાકૃત કોશો અને વર્તમાનમાં પ્રચલિત પ્રાકૃત–વિવિધ દેશ-ભાષાઓના પ્રયોગોને વિવેકપૂર્વક સરખાવવામાં આવે તો વાક્પતિરાજના પૂર્વોક્ત વચન પ્રમાણે પ્રાકૃત-સાગરની ગંભીર અગાધતાનો અને મહત્તાનો કંઇક ખ્યાલ મેળવી શકાય. દેશો, નગરો, ગામો, નદીઓ, પર્વતો, વંશો, ગોત્રો, વનસ્પતિઓ, ક્રિયાપદો, ઐતિહાસિક વિશેષનામો એ વિગેરેને અકૃત્રિમ–સ્વાભાવિક મૂળ સ્વરૂપમાં જાણવા–સમજવા માટે શોધકોને કૃત્રિમ –સંસ્કૃત–પ્રયોગો કરતાં સહજ પ્રાકૃત–પ્રયોગો વિશેષ ઉપયોગી થઇ શકે; પરંતુ 'તે પ્રાકૃત, સંસ્કૃત પરથી વિકૃત કે અપભ્રષ્ટ થઇને બનેલ છે, તેનું મૂળ તો સંસ્કૃત જ છે' એવી ભ્રમણા-ભરી માન્યતા દૂર કરી તપાસવાની આવશ્યકતા છે.

તીર્થંકરો, દેવો અને ભાષાર્યની ભાષા.

પ્રાકૃતભાષા, પૂર્વોક્ત વિશિષ્ટતાઓને કારણે સર્વ સાધારણને બોધ કરવામાં ઉત્તમ સાધાનરૂપ છે—એમ વિચારી મહાપુરૂષોએ અર્હન્ જિન તીર્થંકરો અને ગણધરો તથા તેમના અનુયાયીઓએ એ ભાષાદ્વારા પોતાના હૃદયના ભાવ પ્રકાશિત કર્યા છે. આર્ષપ્રાકૃત નામથી સૂચિત થયેલી ભાષા જૈન સિદ્ધાંત-સૂત્રપુસ્તકોમાં અર્ધમાગધી નામથી પણ ઓળખાય છે. **ઔપપાતિક**(ઉવવાઇ) સૂત્રમાં ઉલ્લેખ મળે છે કે–" અર્હન્ અર્ધમાગધી ભાષામાં ધર્મ ભાષે (ભાખે) છે; શ્રમણભગવાન્ **મહાવીર**, ત્યારપછી **ભંભસાર(બિંબિસાર-શ્રેણિક)**ના પુત્ર **કૂણિક(અજાતશત્રુ)**ને અર્ધમાગધી ભાષામાં ભાષે–કહે છે.[1] " **શ્યામાચાર્ય**ના **પ્રજ્ઞાપના**(પન્નવણા)સૂત્રમાં આર્યોના નવ પ્રકાર સૂચવતાં ભાષાઽર્ય કોણ ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવે છે કે—"જે અર્ધમાગધી ભાષામાં ભાષે (બોલે) છે અને જ્યાં બ્રાહ્મી લિપિ પ્રવર્તે છે તે ભાષાર્ય.[2] " જૈનોના આગમોમાં–૧૧ અંગોમાં–પાંચમા અંગ તરીકે પ્રખ્યાત **ભગવતીસૂત્ર**માં સૂચન મળે છે,

---

૧ " अद्धमागहाए भासाए भासति अरिहा धम्मं । "

" तए णं समणे भगवं महावीरे कूणिअस्स भंभसारपुत्तस्स अद्धमागहाए भासाए भासति । "

—**ઔપપાતિકસૂત્ર**માં [આ. સમિતિ પૃ. ૩૪, ૭૭]

૨ " से किं तं भासारिया ? भासारिया जे णं अद्धमागहाए भासाए भासंति । जत्थ वि य बंभी लिवी पवत्तइ । "

—**શ્યામાચાર્ય**ના **પ્રજ્ઞાપનાસૂત્ર**માં [આ. સમિતિ પૃ. ૫૫]

તેમાં ગૌતમસ્વામી(ઈંદ્રભૂતિ ગણધર) મહાવીરસ્વામીને પ્રશ્ન કરે છે કે-' હે ભગવંત ! દેવો કઇ ભાષામાં ભાષે(બોલે) છે ? અથવા કઈ ભાષા બોલાતી છતી વિશેષતા પામે છે-વિશિષ્ટ ગણાય છે ?' તેના પ્રત્યુત્તરમાં મહાવીરસ્વામી કહે છે કે-" ગૌતમ ! દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે અને તે જ ભાષા બોલાતી છતી વિશેષતા પામે છે-વિશિષ્ટ ગણાય છે.[1] "

જૈન સિદ્ધાંતની ભાષા પ્રાકૃત કેમ ?

એવું સૂચન મળે છે કે-' દૃષ્ટિવાદને મૂકી અન્ય અંગ-સિદ્ધાંત-સૂત્ર, સ્ત્રી, બાલ વિગેરેના વાચન માટે જિનવરોએ પ્રાકૃત કહ્યું છે.[2] ' આચારદિનકરમાં ઉદ્ધૃત કરેલા એ પ્રાચીન ઉલ્લેખ સિવાય બીજે કહ્યું છે કે—' તત્ત્વજ્ઞો(ગણધરો)એ ચારિત્રને ચાહનારાં બાલકો, સ્ત્રીઓ, મન્દ(મૂઢ) અને મૂર્ખ મનુષ્યોના અનુગ્રહ માટે-તેમના પર ઉપકાર કરવા સિદ્ધાન્તને પ્રાકૃત કર્યો છે.[3] '

---

१ " देवा णं भंते ! कयराए भासाए भासंति ?, कयरा वा भासा भासिज्जमाणी विसिस्सइ ? । गोयमा ! देवा णं अद्धमागहाए भासाए भासंति । सा वि य णं अद्धमागही भासा भासिज्जमाणी विसिस्सइ ॥

—ભગવતીસૂત્રમાં મહાવીર-ગૌતમસંવાદ.

[શ. ૫, ઉ. ૪, સૂ. ૧૯૧ આ. સમિતિ પૃ. ૨૩૧]

२ " मुत्तूण दिट्ठिवायं कालिय-उक्कालियंगसिद्धंतं ।
थी-बाल-वायणत्थं पाययमुइयं जिणवरेहिं ॥ "

—આચારદિનકરમાં ઉદ્ધૃત.

३ " बाल-स्त्री-मन्द-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥ "

—દશવૈકાલિકટીકા વિગેરેમાં હરિભદ્રસૂરિ વિગેરે દ્વારા ઉદ્ધૃત.

એવા આશયને સૂચવતું પદ્ય, હરિભદ્રસૂરિએ દશવૈકાલિકટીકામાં તથા હેમચંદ્રાચાર્યે કાવ્યાનુશાસનની સ્વોપજ્ઞટીકા(અલંકાર-ચૂડામણિ) વિગેરેમાં ઉદ્ધૃત કરેલું છે. રાજશેખરસૂરિ પ્રાકૃત-દ્વયાશ્રયવૃત્તિમાં તેવા જ આશયનું ઉચ્ચારતાં ગણધરોને નમન કરે છે-" બાલકો, સ્ત્રીઓ વિગેરે જડપ્રાય ભવ્ય પ્રાણીઓના હિતની ઇચ્છાથી પ્રાકૃત આગમ કરનારા ગણધરોને નમન હો, નમન હો.[1] " વિક્રમાદિત્યના સમકાલિન અને માનનીય, સન્મતિતર્ક વિગેરે રચનાર સુપ્રસિદ્ધ સિદ્ધસેનદિવાકર સંબંધમાં જે કિંવદન્તી સંભળાય છે, તેમાં એવા ગંભીર આશયનું સૂચન છે કે—પોતાને વાદમાં જિતનારના શિષ્ય થવાની પ્રતિજ્ઞા કરનાર વાદિવિજેતા વિદ્યાબલવાન્ બ્રાહ્મણ સિદ્ધસેન, વૃદ્ધ-વાદીસૂરિની કીર્તિ સાંભળી તેમને ભરુચની બહાર મળતાં વાદ-સ્પૃહા પ્રકટ કરે છે. સૂરિજી કહે છે કે-' ચતુરંગી(સભાપતિ, સભ્યો, વાદી અને પ્રતિવાદીવાળી) સભા વિના જય કે પરા-જય કેમ જાણી શકાય ? ' સિદ્ધસેને કહ્યું કે-' આ ગોવાલો જ વાદના સાક્ષીઓ થાઓ. ' વૃદ્ધવાદીસૂરિએ એ વાતનો સ્વીકાર કરી સિદ્ધસેનને પૂર્વપક્ષ કરવા કહ્યું. તેણે સંસ્કૃતભાષાવડે બોલ-વાનો પ્રારંભ કર્યો. તર્ક-વિતર્કના સંસર્ગથી કર્કશવાદ કરીને તે બોલી રહ્યા, એટલે ગોવાળોએ કહ્યું કે-' આ કંઇ પણ જાણતા નથી, પિશાચગૃહીતની જેમ પોકારે છે, કરવત્તની જેમ અમ્હારા કાન ફાડે છે; આથી બુઢ્ઢા વાદિરાજ ! તમે બોલો. ' ત્યારપછી બન્ને પ્રકારે સમયજ્ઞ, વૃદ્ધવાદી, કચ્છબંધ કરીને થિંદિણિછંદ રાસવડે તાલ દેવાપૂર્વક ગાવા લાગ્યા કે—

---

૧ बाल-स्त्र्यादिजडप्रायभव्यजन्तुहितेच्छया ।
प्राकृतागमकर्तृभ्यो गणभृद्भ्यो नमो नमः ॥ "
—પ્રાકૃતદ્વયાશ્રયવૃત્તિ[પાટણભંડારની હ. લિ. પ્રતિ]માં રાજશેખરસૂરિ.

" નવિ મારિયઇ નવિ ચોરિયઇ, પરદારહ ગમણુ નિવારિયઇ;
થોવા થોવં દાઇયઇ, સગ્ગિ ટુગુ ટુગુ જાઇયઇ. "

વિગેરે પ્રાકૃત પદ્યોથી પ્રસન્ન થઇ ગોવાલોએ વૃદ્ધવાદીની જયઘોષણા–પ્રશંસા કરી. એથી સિદ્ધસેને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા કહ્યું. વૃદ્ધવાદીએ ફરી રાજસભા સમક્ષ વાદ કરવા કહ્યું. સિદ્ધસેને સૂચવ્યું કે–'હું અકાલજ્ઞ છું, આપ સમયજ્ઞ છો, **સમયજ્ઞ એ સર્વજ્ઞ કહેવાય છે.**' વિગેરે કહેવાથી તેને સૂરિએ પોતાના શિષ્ય કર્યા. એ પ્રસંગદ્વારા પ્રાકૃતભાષા તરફ આબાલ–ગોપાલનો પ્રેમ પ્રકાશિત થાય છે. બીજા પ્રસંગમાં સંસ્કૃત પ્રાકૃતના સમર્થ ધુરંધર વિદ્વાન્ એ કવિએ સંસ્કૃતના પક્ષપાતથી પ્રાકૃત આગમોને સંસ્કૃતમાં પરાવર્તન કરી નાખવાની ઇચ્છા દર્શાવી હતી; પરંતુ શ્રીસંઘે તેમની એ ઇચ્છાને અયોગ્ય જણાવી તેમને પારાંચિક નામનું પ્રાયશ્ચિત્ત સૂચવ્યું હતું. જેમાં બાર વર્ષ સુધી ગુપ્ત વેષમાં રહેવું પડે. સંઘની ઉન્નતિનું કોઇ અદ્દ્ભુત કાર્ય કરવાથી, એકાદ સમર્થ રાજાને પ્રતિબોધ કરવાથી યા ગયેલ તીર્થ પાછું વાળવાથી શ્રીસંઘમાં ફરી દાખલ થઇ શકાય. શ્રીસંઘે સિદ્ધાંતને પ્રાકૃત કરવાનું કારણ દર્શાવતાં ઉપર્યુક્ત પદ્ય સાથે સૂચવ્યું હતું કે—'તીર્થંકરોએ ફરમાવેલ ત્રિપદી(उव्वज्जेइ वा, विगमेइ वा, धुवेइ वा એ ત્રણ પદો)ના આધારે દ્વાદશાંગી–બાર અંગરૂપ સિદ્ધાંતસૂત્રોની રચના કરનારા, સર્વાક્ષરસંનિપાતલબ્ધિધર ગણધરો ધારત તો તેઓ આગમોને સંસ્કૃત–ભાષામાં રચી શકત; પરંતુ તેઓને બાળકો, સ્ત્રીઓ, મંદો અને પ્રાજ્ઞો સર્વસાધારણ વિશાલ સમુદાય પર અનુગ્રહ–ઉપકાર કરવાનો હતો–આબાલ–ગોપાલ સૌ કોઇને–સર્વ જનસમૂહને ધર્મોપદેશ પહોંચાડવો હતો. સર્વ કોઈ તેનો લાભ લ્યે એ

તેમનો પરમ ઉચ્ચ આશય હતો, અને એ આશય સિદ્ધ કરવામાં સાધનભૂત સર્વ-સાધારણ પ્રકૃતિસુલભ આ પ્રાકૃત-ભાષાની પસંદગી કરવામાં આવી. તેમના એ અત્યુત્તમ ઉદ્દેશની અવગણના કરી અમુક અલ્પ સંખ્યામાં સંભવી શકતા સાક્ષરોને જ ઉપયોગી થઇ શકે તેવી ભાષામાં તેનું પરાવર્તન કરવા વિચાર કરવો, અને એ રીતે બહોળા સમુદાયને તેના લાભથી વંચિત રાખવાની ઇચ્છા પ્રદર્શિત કરવી, પ્રકારાંતરથી પોતાના પાંડિત્યની પ્રખ્યાતિ કરાવવી—એમાં એ મહાપુરુષોનું—તીર્થંકર-ગણધરોનું અક્ષમ્ય અપમાન રહેલું છે.' શ્રીસંઘની એ શિક્ષાને શિરોધાર્ય કરી **સિદ્ધસેનદિવાકરે** પોતાની સુયોગ્યતા પુરવાર કરી આપી હતી, જેના પરિણામે તેમની પ્રભાવક તરીકે કીર્તિ પ્રસરી છે. **ભદ્રેશ્વરસૂરિની કથાવલી, પ્રભાચંદ્રસૂરિનું પ્રભાવક-ચરિત્ર, સંઘતિલકાચાર્યની સમ્યક્ત્વસપ્તતિવૃત્તિ** વગેરે **અનેક** ગ્રંથોમાં તેમની પ્રભાવકતાના ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે. **જૈન** સિદ્ધાંતો પર રચાયેલા વિસ્તૃત પ્રાચીન વ્યાખ્યા—વિવરણ ગ્રંથો, જે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિના નામે ઓળખાય છે, તેને પણ પ્રાકૃતભાષામાં રચવામાં પૂર્વોક્ત હેતુ વિચારી શકાય તેમ છે.

પ્રાકૃતભાષા તરફ રાજાઓનો પ્રેમ

વિક્રમની દસમી સદીના પ્રતિષ્ઠિત રાજકવિ યાયાવરીય **રાજશેખરે કાવ્યમીમાંસામાં** કરેલા ઉલ્લેખ પ્રમાણે—" પોતાના ભવનમાં તો રાજા, જે પ્રમાણે ભાષા—નિયમ કરે, તેમ થાય. સંભળાય છે કે **મગધદેશમાં શિશુનાગ** નામનો રાજા થઇ ગયો. તેણે દુઃખે ઉચ્ચારી શકાય તેવા ૮ વર્ણોને દૂર કરી પોતાના અંતઃપુરમાં જ નિયમ પ્રવર્તાવ્યો

હતો. ટકાર વિગેરે ચાર મૂર્ધન્ય [ટ, ઠ, ડ, ઢ], તૃતીય સિવાયના ઊષ્માક્ષરો ૩ [શ, ષ અને હ] અને ક્ષકાર."

સંભળાય છે કે સૂરસેનદેશમાં કુવિંદ નામે રાજા થઇ ગયો, તેણે પરુષ (કઠણ-કઠોર) સંયોગવાળા અક્ષરોને વર્જી પોતાના અંતઃપુરમાં જ નિયમ પ્રવર્તાવ્યો હતો.[1] "

ઉપર્યુક્ત શિશુનાગ રાજા લગભગ અઢીહજાર વર્ષ પહેલાં થયેલો જણાય છે. કારણ કે તેના વંશમાં થયેલો ૪થો વંશજ બિંબિસાર (ભંભાસાર-શ્રેણિક) રાજા, ગૌતમ બુદ્ધ અને મહાવીરનો સમકાલિન મનાય છે, તેવા અનેક ઉલ્લેખો મળે છે. પૂર્વોક્ત માગધી અને શૌરસેની સાથે ગાઢ સંબંધ ધરાવતી અને તે કરતાં પણ વધારે મહત્ત્વવાળી પ્રાકૃતભાષાને પ્રકૃતિ-મધુર, મૃદુ, સરલ, સુબોધ અને સર્વોપકારક સમજી, તેની ઉપયોગિતા વિચારી પૂર્વે થયેલા અનેક રાજા-મહારાજાઓએ તેનો પ્રચાર કરવા ઉચિત પ્રયત્નો કર્યા હતા. તેમાં શકસંવતના પ્રવર્તક મનાતા સાતવાહન(હાલ-શાલિવાહન)નું નામ પ્રથમ લઇ શકાય. પ્રાકૃતપિંગલના વ્યાખ્યાકાર લક્ષ્મીધર તો તેને પ્રાકૃતના આદિકવિ તરીકે ઓળખાવે છે. કવિ રાજશેખર, કાવ્યમીમાંસામાં ઉલ્લેખ કરે છે કે-" સંભળાય છે કે કુન્તલ-

---

૧ " स्वभवने हि भाषानियमं यथा प्रभुर्विदधाति तथा भवति । श्रूयते हि मगधेषु शिशुनागो नाम राजा, तेन दुरुच्चारानष्टौ वर्णानपास्य स्वान्तःपुर एव प्रवर्तितो नियमः । टकारादयश्चत्वारो मूर्धन्यास्तृतीयवर्ज-मूष्माणास्त्रयः क्षकारश्चेति ।

श्रूयते च सूरसेनेषु कुविन्दो नाम राजा । तेन परुषसंयोगाक्षरवर्ज-मन्तःपुर एवेति समानं पूर्वेण । " —કાવ્યમીમાંસા [પૃ. ૫૦]

દેશમાં સાતવાહન નામનો રાજા થઇ ગયો, તેણે પોતાના અન્તઃપુરમાં પ્રાકૃતભાષાત્મક નિયમ પ્રવર્તાવ્યો હતો.[1] ”

કવિવત્સલ હાલના નામથી પ્રસિદ્ધ એ જ મહારાજાના નામ સાથે જોડાયેલી, રસિકજનોના હૃદયને પ્રિય લાગે તેવી પ્રાકૃત કૃતિ ગાથાસપ્તશતી આપણને મળે છે, કે જે ગાથાકોષની પ્રશંસા બાણભટ્ટ જેવા અનેક પ્રસિદ્ધ વિદ્વાનોએ કરી છે. તે સંબંધમાં એવું કહેવાય છે કે-દક્ષિણ મહારાષ્ટ્રના સાર્વભૌમ પ્રતાપી કવિવત્સલ એ મહારાજાએ તેમાંની હાર, વેણીદંડ વિગેરે વર્ણનવાળી ચાર ગાથાઓ દસ કોડથી અને બીજી ચાર ગાથાઓ નવ ક્રોડથી સંગૃહીત કરી હતી–એમ ગાથાઓના પ્રાચીન ઉલ્લેખ સાથે મેરુતુંગસૂરિ, પ્રબંધચિંતામણિમાં સૂચિત કરે છે. ધનકોષથી અવિનાશી ગાથાકોષને સમૃદ્ધ કરનાર આ કુવિવત્સલ હાલથી સન્માનિત થયેલા પાલિત્ત–પાદલિપ્તસૂરિએ તરંગવતી નામની મનોહર રસિક વિસ્તૃત પ્રાકૃત કથા રચી હતી અને તે જ રાજાની રાજસભામાં સંભળાવી હતી. જેની અનેક મહાકવિઓએ પ્રશંસા કરી છે. વિક્રમની દસમી સદીમાં આચારાંગ, સૂત્રકૃતાંગ વિગેરેના વ્યાખ્યાકાર શીલાંકાચાર્ય તો પ્રાકૃત મહાપુરુષચરિતમાં જણાવે છે કે–‘ તેવી કોઇ કલા નથી, તેવું કોઇ લક્ષણ નથી કે પાલિત્ત વિગેરેની રચેલી તરંગવતી વિગેરે કથાઓમાં ન હોય.[2] ’ આજે દુર્દૈવવશાત્ આપણને એ મૂળ કથા મળી શકતી નથી, તેમ છતાં તે પરથી સંક્ષિપ્ત રચાયેલી એ જ

१ “ श्रूयते च कुन्तलेषु सातवाहनो नाम राजा । तेन प्राकृतभाषाऽऽत्मकमन्तःपुर एवेति समानं पूर्वेण । ”

—કવિ રાજશેખરની કાવ્યમીમાંસામાં [પૃ. ૫૦]

૨ જુઓ જૈનતીર્થોનો સચિત્ર ઇતિહાસ [પૃ. ૨૫]

નામની એક કથા મળે છે, જેને જર્મનીના ઉત્સાહી પ્રો. હૅાયમેને પોતાની દેશભાષામાં ઉતાર્યા પછી કેશવલાલ પ્રેમચંદ મોદીના પ્રયત્નથી તે ગુજરાતીમાં પણ મળે છે. પ્રાકૃત, જે મહારાષ્ટ્રી નામથી ઓળખાય છે, તેનો સુયશ મહારાષ્ટ્રના એ પ્રતાપી કવિવત્સલ મહારાજાને ઘટે છે, એવી મ્હારી માન્યતા છે. પ્રાચીન અનેક મહાકવિઓદ્વારા પ્રશંસાયેલી અને અનેક કાવ્યો, નાટકો તથા કથાઓના આધારભૂત થયેલી ભૂત(પિશાચ) ભાષા[નેપાલ–ભૂતાન તરફની પ્રાચીન પ્રાકૃત]મય મનાતી ગુણાઢ્યકવિએ રચેલી બૃહત્કથા(નરવાહનદત્તકથા) અત્યારે ઉપલબ્ધ થતી નથી, છતાં જેના સંક્ષિપ્ત સંસ્કૃત અનુકરણ–અનુવાદો બૃહત્કથામંજરી, કથાસરિત્સાગર નામથી મળે છે; તે મૂળ બૃહત્કથા રચનાર કવિ ગુણાઢ્ય પણ પૂર્વોક્ત સાતવાહન(શાલિવાહન)નો આશ્રિત કવિ મનાય છે.

કવિદંડીના કાવ્યાદર્શ વિગેરેમાં વખણાયેલું સેતુબંધ (રાવણવહો) નામનું પ્રાકૃત મહાકાવ્ય, મહારાજા પ્રવરસેન (કુન્તલેશ્વર) નિમિત્તે મહારાજાધિરાજ વિક્રમાદિત્યની આજ્ઞાથી કવિ કાલિદાસે રચ્યું હતું–તેમ તેના વ્યાખ્યાકાર, અકબ્બરના કૃપાપાત્ર રાજા રામદાસ વિ. સં. ૧૬૫૨ માં જણાવે છે.

યશોવર્માની કીર્તિરૂપ ગઉડવહો(ગૌડ–મગધરાજ–વધ) નામના પ્રાકૃત કાવ્યને રચનાર કવિરાજ વાક્પતિરાજ, મહારાજા યશોવર્મા[વિ. સં. ૭૩૧ થી ૭૮૧]નો આશ્રિત સામંત હતો; જેને અંતિમાવસ્થામાં જૈનાચાર્ય બપ્પભટ્ટિએ જૈનધર્મનો પ્રતિબોધ કર્યો હતો–એવા ઉલ્લેખો મળે છે.

'કર્પૂરમંજરી' નામના પ્રાકૃતસટ્ટક વિગેરે અનેક ગ્રંથોનો રચનાર કવિ રાજશેખર, રાજા મહેન્દ્રપાલ[વિ. સં. ૯૭૩]

અને યુવરાજ [**મહીપાલ**] વિગેરેનો રાજગુરુ હોઇ તેઓથી સન્માનિત હતો.

મહારાજા **ભોજદેવના સરસ્વતીકંઠાભરણમાં** સૂચન છે કે–' **આઢયરાજના** રાજ્યમાં પ્રાકૃતભાષા બોલનાર કોણ ન હતા ? અર્થાત્ તેના રાજ્યમાં પ્રાકૃતભાષા બોલનાર બહોળી સંખ્યામાં હતા.[1] '

આપણા આ **ભાવનગર** પાસેના ઇતિહાસપ્રસિદ્ધ **વલભી** કે જયાં **મહાવીર** નિર્વાણ પછી ૯૮૦ (વિ. સં. ૫૧૦) વર્ષે **દેવર્ધિગણિક્ષમાશ્રમણના** સુપ્રયત્નથી **જૈનાગમો** પ્રથમ પુસ્તકારૂઢ થયાં મનાય છે, તે(વળા)ના મહારાજા **ધરસેનનું** શક સં. ૪૦૦ નું તામ્રપત્ર મળી આવ્યું છે, જેની નકલ **ઇંડિયન્** એન્ટિકવેરી[ભા. ૧૦, પૃ. ૨૮૪]માં પ્રકટ થયેલ છે, તેમાં તેના પૂર્વજ ગુહસેન માટે કહેવામાં આવ્યું છે કે–તે ' સંસ્કૃત, **પ્રાકૃત** અને અપભ્રંશ એ ત્રણે ભાષાઓમાં પ્રતિબદ્ધ થયેલા **પ્રબંધોની રચના કરવામાં અતિનિપુણ અંતઃકરણવાળો** હતો.[2] '

પ્રજાપ્રેમી રાજાની કીર્તિ ચાહતા સુપ્રસિદ્ધ વૈયાકરણકવિ **ભટ્ટિએ શ્રીધરસેનનરેન્દ્રથી** પાલિત **વલભી**(વળા)માં રચેલા

---

૧ " केऽभूवन् नाढ्यराजस्य राज्ये प्राकृतभाषिणः ? । "

—મહારાજા ભોજના સરસ્વતીકંઠાભરણમાં [૨૧૫]

૨ " संस्कृत--प्राकृतापभ्रंशभाषात्रयप्रतिबद्धप्रबंधरचनानिपुणतरांतःकरणः × × "

—વલભી(વળા)રાજ ધરસેનના શકસં. ૪૦૦ ના તામ્રપત્રમાં ગુહસેન માટે વિશેષણ (ઇંડિયન્ એન્ટિકવેરી ભા. ૧૦, પૃ. ૨૮૪)

સંસ્કૃત રામચરિત(ભટ્ટિકાવ્ય)માં ૧૩ મા સર્ગને સમસંસ્કૃત પ્રાકૃતથી શોભાવ્યો છે.

કવિ **રાજશેખર** **કાવ્યમીમાંસા**(પૃ. ૫૪)માં સૂચવે છે કે—' કવિ રાજા, કવિઓની પરીક્ષા માટે સભા કરે, તેમાં પ્રાકૃતકવિઓને પૂર્વ તરફ આસન આપે ' વિગેરે.

એ ઉપરથી સમજી શકાય તેમ છે કે પ્રાચીન અનેક રાજા-મહારાજાઓ પ્રાકૃતભાષાની ઉપયોગિતા સારી રીતે સમજતા હતા અને તેનો પ્રચાર કરવા અનેક પ્રકારે પ્રયત્ન પણ કરતા હતા. પૂર્વજોની કીર્તિને દીપાવનારા વર્તમાન રાજવીઓ પાસેથી તેવા સ્તુત્ય પ્રયત્નોની આશા આપણે કેમ ન રાખી શકીએ ?

લાટદેશના લોકોનો પ્રાકૃત તરફ પ્રેમ.

યાયાવરીય કવિ **રાજશેખરે** **બાલરામાયણ**માં પ્રાકૃતપ્રમુખ વાણીને **પ્રકૃતિમધુર**[1] તરીકે વર્ણવી છે; તેમજ પ્રાકૃત વચન સંબંધમાં પ્રાસંગિક ઉચ્ચાર્યું છે કે—" **જે**, ખરેખર **સંસ્કૃતની યોનિ છે**-ઉત્પત્તિનું સ્થાન છે, **જે**, સુંદર **નયનવાળી સુંદરીઓની જીભોમાં પ્રમોદ પામે છે**—શોભે છે, **જે**, **કાનના માર્ગે આવતાં** [અન્ય] **ભાષાક્ષરોનો રસ કટુ**—કડવો **લાગે છે**, અને **ચૂર્ણ જેવાં પદોવાળું ગદ્ય, રતિપતિ**(કામદેવ)**ના પદ**-પગલાં **જેવું છે, તે પ્રાકૃત વચન** જેમનું છે; તે **લાટોને**-લાટદેશ(ભરુચ, વડોદરા તરફનો પ્રદેશ)ના લોકોને, લલિત અંગોવાળી હે સુંદરિ ! દૃષ્ટિના નિમેષવ્રતને દૂર કરતી (આંખોના

---

1 ' गिरः श्रव्या दिव्याः **प्रकृतिमधुराः प्राकृतधुरः** '

પલકારા કર્યા વિના) તું જો.[1] ” એ જ કવિ કાવ્યમીમાંસામાં કહે છે કે—“ સંસ્કૃત તરફ દ્વેષ કરનારા **લાટદેશના** લોકો લલિત ઉલ્લાપ કરવામાં પ્રાપ્ત કરેલી સૌન્દર્યમુદ્રાવાળી જીહ્વાવડે લટભ(સુંદર) પ્રાકૃત બોલે[2] છે. ” તે જ ગ્રંથમાં બીજે સ્થળે **લાટદેશના** લોકોને–કવિયોને પ્રાકૃતમાં પરિચિત [3]રુચિવાળા સૂચવ્યા છે. એ તરફ ધ્યાનં ખેંચવાની આવશ્યકતા છે કે એક વખતે **લાટદેશની** વિશિષ્ટભાષા તરીકે પ્રાકૃતની પ્રખ્યાતિ હતી.

મહિલાઓની વહાલી ભાષા.

વજ્જાલગ્ગ(પદ્યાલય) નામના પ્રાકૃત સુભાષિતસંગ્રહમાંથી ઉપર જે પદ્યો સૂચવાઇ ગયાં છે, તેમાં પ્રાકૃતકાવ્ય માટે સૂચવાયેલ जुवईयणवल्लह= યુવતિજનવલ્લભ વિશેષણ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એ સૂચવે છે કે પ્રાયઃ યુવતિયોને–સ્ત્રીઓને પ્રાકૃતકાવ્ય બહુ પ્રિય હોય છે. કવિ રાજશેખરનું સુભાષિત જે ઉપર દર્શાવાઈ ગયું છે, તેમાં પણ ‘ सुदृशां जिह्वासु यन्मोदते ’ એવા વર્ણનદ્વારા કવિ સૂચિત કરે

---

१ “ यद् योनिः किल संस्कृतस्य सुदृशां जिह्वासु यन्मोदते
यत्र श्रोत्रपथावतारिणि कटुर्भाषाक्षराणां रसः ।
गद्यं चूर्णपदं पदं रतिपतेस्तत् प्राकृतं यद्वच—
स्ताँल्लाटाँल्ललिताङ्गि ! पश्य नुदती दृष्टेर्निमेषव्रतम् ॥ ”
—કવિ રાજશેખરના બાલરામાયણમાં [૧, ૧૧; પૃ. ૪૯]

२ “ पठन्ति लटभं लाटाः प्राकृतं संस्कृतद्विषः ।
जिह्वया ललितोल्लापलब्धसौन्दर्यमुद्रया ॥ ”

३ ‘ गौडाद्याः संस्कृतस्थाः परिचितरुचयः प्राकृते लाटदेश्याः ’
—કવિ રાજશેખરની કાવ્યમીમાંસામાં [અ. ૭, પૃ. ૩૪ અ. ૧૦, પૃ. ૫૧]

છે કે—' પ્રાકૃત વચન સુંદરીઓની જીભમાં પ્રમોદ પામે છે–શોભે છે. ' નાટકોમાં તો સ્ત્રીપાત્રોનું વચન પ્રાયઃ પ્રાકૃત હોય છે, એ ધનંજય કવિના દશરૂપકમાં ' स्त्रीणां तु प्राकृतं प्रायः ' ઉલ્લેખદ્વારા અને નાટકો–રૂપકોમાં મળતા પાઠોદ્વારા જાણી શકાય છે. ' બાલ–બાલાઓને પણ સદ્બોધ કરનારી પ્રાકૃત-ભાષા છે ' એવું સિદ્ધર્ષિનું વચન અને બાલ–બાલાઓ વિગેરે સર્વને વિશેષ બોધ થાય તેવી ભાષા(પ્રાકૃત) બોલવા પ્રેરતું મહેશ્વરસૂરિનું વચન અહિં ફરીથી આપણે યાદ કરવું જોઇએ. એથી બાલવર્ગ, સ્ત્રીવર્ગ વિગેરેના અનુગ્રહ માટે તત્ત્વજ્ઞોએ પ્રાકૃતમાં કરેલી સિદ્ધાંતની યોજના કેટલી સંગત, વિવેકપૂર્વક અને પરોપકારક છે–એ વિચારવાથી સમજાશે.

વિશેષમાં ભૂષણભટ્ટના પુત્ર કુતૂહલે સિંહલદ્વીપની સુંદરી રાજકુમારી લીલાવતી અને પ્રતિષ્ઠાન(પેઠણ, દક્ષિણ)ના પૂર્વોક્ત કવિવત્સલ શાલિવાહનના પરિણય–પ્રસંગને ઉદ્દેશી પ્રાકૃતકથા રચી છે; તેની પીઠિકામાં કવિએ ઉપર્યુક્ત કથનને પુષ્ટ કરતો પ્રિયતમ અને પ્રિયતમાનો એક સંવાદ મૂકયો છે. તેમાં પ્રિયતમા કહે છે કે—' હે પ્રિયતમ ! આ રજની અતિ-રમણીય છે, શરદ્ ઋતુ પણ મનોહર છે અને તમે પણ સ્વા-ધીન છો, તો અનુકૂળ પરિજનવાળી એવી મ્હને નથી એવું કંઈ નથી; તેથી પ્રદોષ(રાત્રિના પ્રારંભભાગ)માં વિનોદ માત્રથી સુખ આપનારી, મનોહર ઉલ્લાપવાળી, મહિલાજનોને મનોજ્ઞ લાગે તેવી સરસ કોઈક અપૂર્વ કથા કહો. ' મુગ્ધ-મુખકમલવાળી તે પ્રિયતમાના વચનને સાંભળીને તેણે કહ્યું કે—' હે કુવલયદલાક્ષિ ! કવિઓએ દિવ્ય ૧, દિવ્યમાનુષી ૨ અને માનુષી ૩ એમ ત્રણ પ્રકારની કથાઓ કહી છે. તેમાં પણ પૂર્વકવિઓએ કાંઇક લક્ષણ કર્યું છે. વળી સારા વર્ણોથી રચા-

એલી ૧ સંસ્કૃત, ૨ **પ્રાકૃત** અને ૩ **સંકીર્ણ**કથા એમ ત્રણે પ્રકારની સુકથાઓ શ્રેષ્ઠ મહાકવિઓવડે કહી શકાય. હે મૃગાક્ષિ ! તેમાંથી અમ્હારા જેવા અબુધોવડે જે કહેવાય, તે કથાઓ લોકમાં પરિભાવ–સન્માન પામતી નથી; તો હે સુંદરિ ! તું મ્હારો ઉપહાસ કેમ કરે છે ? જેણે **શબ્દશાસ્ત્ર(વ્યાકરણ)** ન સાંભળ્યું હોય, તેનાવડે બોલી પણ ન શકાય, તો વિકટ (વિશાળ) કથાબંધ તો કેમ કરી શકાય ? ' પ્રિયતમાએ કહ્યું કે–પ્રિયતમ ! તે શબ્દશાસ્ત્રનું અમ્હને શું પ્રયોજન છે ?, જેણે અમ્હારાં જેવાં (મહિલા) જનનો સુભાષિત-માર્ગ ભાંગ્યો છે. હૃદયને કદર્થિત કર્યા વિના જે વડે, સ્ફુટ રીતે અર્થ ઉપલબ્ધ થાય; તે જ ઉત્કૃષ્ટ શબ્દ ઇષ્ટ છે. લક્ષણ(વ્યાકરણ)વડે અમ્હને શું ? માટે એમ જ શુદ્ધ દ્યુતિવાળી, બહુ થોડા દેશી શબ્દોથી સારી રીતે સમજાય તેવી મનોહર દિવ્યમાનુષી કથા **પ્રાકૃત** ભાષાવડે કહો.[1] "

---

१ " ता किं मं उवहससि सुयणु ! असुएण सद्दसत्थेण ।
उल्लविउं न तीरइ किं पुण वियडो कहाबंधो ? ॥
भणिअं च पिअयमाए पिययम ! किं तेण सद्दसत्थेण ? ।
जेण सुहासियमग्गो भग्गो अम्हारिसजणस्स ॥
उवलब्भइ जेण फुडं अत्थो अकयत्थिएण हियएण ।
सो चेय परो सद्दो इट्ठो किं लक्खणेणम्ह ? ॥
एमेय सुद्धजुयइं मणोहरं पाययाइ भासाए ।
पविरलदेसिसुलक्खं कहसु कहं दिव्वमाणुसियं ॥ "

—ભૂષણભટ્ટના પુત્રની લીલાવતીકથામાં [વિ. સં. ૧૨૬૫ માં લિ. જે. ભં. તા. પ્રતિ.]

અલંકારશાસ્ત્રમાં પ્રાકૃતને સ્થાન.

સંસ્કૃતભાષાના પ્રાચીન અલંકારશાસ્ત્રના ધ્વન્યાલોક, વ્યક્તિવિવેક, વક્રોક્તિજીવિત, કાવ્યપ્રકાશ, સરસ્વતીકંઠાભરણ વિગેરે ગ્રંથોમાં અલંકારનાં ઉદાહરણો તરીકે સંસ્કૃત શ્લોકોની જેમ પ્રાકૃત ગાથાઓનો પણ બહુ છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે-એ રીતે અલંકારશાસ્ત્રીઓએ પ્રાકૃતભાષાની ઉપયોગિતા પીછાણી હતી. अलंकारदर्पण જેવા અલંકારના સ્વતંત્ર પ્રાકૃત ગ્રંથો પણ જેસલમેર જેવા સ્થળોના પ્રાચીન ભંડારોમાં જણાય છે.

નાટ્યશાસ્ત્રમાં પ્રાકૃતને સ્થાન.

સંસ્કૃત નાટકોમાં સ્ત્રીઓ, વિદૂષકો અને બીજાં કેટલાંક પાત્રોની ભાષા બહુધા પ્રાકૃત રાખવામાં આવે છે. એ આપણને સૂચવે છે કે-સંસ્કૃત બોલનાર વર્ગ અમુક જ હોઈ શકે. સ્ત્રીઓ અને ઇતર પ્રાકૃતવર્ગ-સાધારણ જનસમુદાય પ્રાકૃતભાષામાં જ સારી રીતે ઉચ્ચારણ કરી શકે. સ્વાભાવિક પ્રકૃતિ પ્રમાણે ભાષાની વ્યવસ્થા ન રાખવામાં આવે, તો કૃત્રિમતા આવી જાય અને ઉચિત રસપોષણ ન થઈ શકે-એવા હેતુથી ભરતમુનિએ **નાટ્યશાસ્ત્રમાં** [નિ. સા. મુંબઇથી પ્રકાશિતના ૧૭ મા અને કાશી સં. સિરીઝદ્વારા પ્રકાશિતના ૧૮ મા અધ્યાયમાં] અનેક પાત્રોની ભાષામાં પ્રાકૃતપ્રયોગની સૂચના કરી છે, તથા ચેટો, રાજપુત્રો અને શેઠીઆઓની ભાષા અર્ધમાગધી(પ્રાકૃત) જણાવી છે.[1] તેમ જ **માલવપતિ** મહારાજા

---

૧ " एषामेव तु सर्वेषां नायकानां प्रयोगतः ।
कारणव्यपदेशेन प्राकृतं सम्प्रयोजयेत् ॥

મુંજની સભાના વિદ્વાન્ કવિ **ધનંજયે** દશરૂપકમાં જણાવ્યું છે કે–' **સ્ત્રીઓની ભાષા પ્રાયઃ પ્રાકૃત હોય છે**[1] ' અને આપણે જોઈએ છીએ તેમ મહાકવિ **ભાસ**, **કાલિદાસ** વિગેરેનાં સેંકડો સંસ્કૃત નાટકોમાં અને બીજાં રૂપકોમાં તે તે પાત્રોની ભાષામાં પ્રાકૃત પાઠો–પ્રયોગો મળી આવે છે. એ રીતે તેઓએ પ્રાકૃતભાષાની આવશ્યકતા સ્વીકારી હતી. કવિ **રાજશેખર** જેવાએ **કર્પૂરમંજરી** સટ્ટક જેવાં રૂપકો પણ પ્રાકૃતમય રચ્યાં છે.

પ્રાકૃત વ્યાકરણો.

જૈનેતર વિદ્વાનોમાં **પાણિનિનું પ્રાકૃતલક્ષણ** હોવાનું આપણને **મલયગિરિ**, **દેવેન્દ્રસૂરિ**, **કેદારભટ્ટ** વિગેરેના ઉલ્લેખોદ્વારા જણાય છે, પરંતુ તે અત્યારે અપ્રાપ્ય છે. પ્રાચીન મનાતા **ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં** અને કેટલાંક પુરાણોમાં સંક્ષેપથી પ્રાકૃતનાં અનુશાસનો મળે છે. **વરરુચિએ પ્રાકૃત**-

---

ऐश्वर्येण प्रमत्तस्य दारिद्र्येण प्लुतस्य च ।
उत्तमस्यापि पठतः प्राकृतं सम्प्रयोजयेत ॥
व्याजलिङ्गप्रतिष्ठानां श्रमणानां तपस्विनाम् ।
भिक्षुचाष्ट(?)चराणां च प्राकृतं सम्प्रयोजयेत् ॥
बाले ग्रहोपसृष्टे स्त्रीणां स्त्रीप्रकृतौ तथा ।
नीचे मत्ते सलिङ्गे च प्राकृतं पाठ्यमिष्यते ॥
परिव्राड्–मुनि–शाक्येषु चैत्ते(शैक्षे)षु श्रोत्रियेषु च ॥
चेटानां राजपुत्राणां श्रेष्ठिनां चार्धमागधी । ”

—ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં [નિ. સા. અ. ૧૭, કાશી સં. સિ. અ. ૧૮ શ્લો. ૩૦–૩૪–૫૦]

૧ ' स्त्रीणां तु प्राकृतं प्रायः '

—કવિ ધનંજયના દશરૂપકમાં [પરિ૦ ૨, ૬૦]

પ્રકાશ, હૃષીકેશે પ્રાકૃતવ્યાકરણ, માર્કંડેયે પ્રાકૃતસર્વસ્વ, ક્રમદીશ્વરે સંક્ષિપ્તસાર પ્રાકૃતવ્યાકરણ, લક્ષ્મીધરે ષડ્ભાષાચંદ્રિકા જેવા વ્યાકરણ ગ્રંથો રચ્યા છે; અને જૈનોમાં ચંડનું પ્રાકૃતલક્ષણ, ત્રિવિક્રમદેવનું પ્રાકૃતાનુશાસન વિગેરે મળી આવે છે. તેમ છતાં ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહની અભ્યર્થનાથી સુપ્રસિદ્ધ જૈન વિદ્વાન્ હેમચંદ્રાચાર્યે રચેલા સિદ્ધહેમશબ્દાનુશાસનના આઠમા અધ્યાય(પ્રાકૃતવ્યાકરણ)ની સંકલના બહુ ધ્યાન ખેંચે તેવી અને પ્રાકૃત વિગેરે ભાષાઓનું સરલતાથી વિસ્તૃત જ્ઞાન કરાવે તેવી છે. તેમાં અનુક્રમે સંધિ સ્વરોના આદેશો, વ્યંજનોના આદેશો, સંયુક્ત વ્યંજનોના આદેશો, અવ્યયો, શબ્દોનાં રૂપો, ધાતુઓનાં રૂપો, આદેશો, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશ ભાષાની વિશેષતાઓ સુગમતાથી સમજાવી છે. અને તે જ્ઞાનને પરિપકવ કરાવવા, આદિથી અંત સુધીનાં દરેક સૂત્રોનાં અનુક્રમે ઉદાહરણ પ્રત્યુદાહરણોની યોજના કરી પ્રાકૃત દ્વયાશ્રયમહાકાવ્ય (કુમારપાલચરિત)ની રચના કરી પ્રાકૃતભાષાના અભ્યાસીઓ પર મહાન્ ઉપકાર કર્યો છે અને બીજી રીતે પાટણ(ગુજરાત)ના પરમાર્હત ચૌલુક્ય ભૂપાલ કુમારપાલના પવિત્ર ચરિત્રથી પણ આપણને પરિચિત કર્યા છે.

પ્રાકૃત કોશો. વર્ણથી બ્રાહ્મણ, પણ પાછળથી જૈનધર્મ સ્વીકારનાર મહાકવિ ધનપાલની પાઇઅલચ્છીનામમાલા, પ્રાકૃતકાવ્યોમાં આવતા શબ્દોના જ્ઞાન માટે સંક્ષિપ્ત પણ ઉપયોગી સાધન છે. દેશી શબ્દોના જ્ઞાન માટે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે દેશીનામમાલાની ક્રમસર સંકલના કરેલી છે. એ સિવાય આધુનિક કોશોમાં

રાજેન્દ્રસૂરિના મહાપ્રયત્નથી મહાભારત જેવો અભિધાન રાજેન્દ્ર નામનો મહાકોશ, બૃહત્કાય-દળદાર સાત ભાગોમાં પ્રકાશમાં આવ્યો છે. જેમાં જૈન આગમો, પ્રકરણો વિગેરેના લાંબા પાઠો ઉતારવામાં આવ્યા છે; પરંતુ એ કરતાં વિશેષ ઉપયોગી થઇ શકે તેવો આકર્ષક વિશિષ્ટ સંકલનાથી તૈયાર થયેલો, લગભગ ૭૫૦૦૦ શબ્દોનો સંગ્રહ ધરાવતો ન્યાય-વ્યાકરણતીર્થ પંડિત હરગોવિંદદાસજીનો **पाइअसद्दमहण्णवो** (**પ્રાકૃતશબ્દમહાર્ણવ**) પ્રાકૃત–હિંદી કોશ, પ્રાકૃતભાષાના અભ્યાસીઓને માટે અત્યુ-પયોગી છે. શતાવધાની પંડિત મુનિ રત્નચંદ્રજીનો **અર્ધમાગધી** કોષ, અનેક ભાષામાં પ્રકટ થઇ રહ્યો છે તે, અને **જૈનાગમ–શબ્દસંગ્રહ** ઉપયોગી નીવડવા સંભવ છે.

પ્રાકૃત છંદઃ શાસ્ત્ર

સંસ્કૃતભાષામાં જેમ શ્લોક(અનુષ્ટુપ્)ની તેમ પ્રાકૃતભાષામાં ગાથાની વિશેષ પ્રસિદ્ધિ છે. જૈન સિદ્ધાંત-સૂત્રોમાં આચારાંગ, સૂત્રકૃતાંગ વિગેરેનો કેટલોક ભાગ અને ઉત્તરાધ્યયન વિગેરેની રચના પ્રાયઃ પદ્યબદ્ધ છે. અજિતશાંતિસ્તવ જેવા પ્રાચીન સ્તોત્રમાં વિવિધ છંદો વપરાયેલા છે. એ છંદોના જ્ઞાન માટે **ગાથાલક્ષણ**, **નંદિતાઢ્ય**, **સઅંભૂછંદ**, **પ્રાકૃત પિંગલ** વિગેરે સ્વતંત્ર ગ્રંથો રચાયેલા મળી આવે છે. **વિરહાંક** કવિની **પ્રાકૃત છંદોવિચિતિ**, કે જે કઇસિટ્ઠ **વિત્તજાઇસમુચ્ચય** એવા નામથી ઓળખાય છે, જેની વિ. સં. ૧૧૯૨માં લખાયેલી જૂની તાડપત્રપોથી **જેસલમેર**ના કિલ્લાના બડાભંડારમાં હોવાનું અમ્હે **જેસલમેર** ભાં. સૂચીમાં જણાવ્યું હતું, તે પ્રાચીન ગ્રંથ તે પછી પ્રકાશિત થઇ ગયેલ છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના **છંદોનુશાસન**માં પણ પ્રાકૃતછંદો માટે ખાસ અધ્યાય છે. તે સિવાય સંસ્કૃત છન્દઃ-

શાસ્ત્ર-ગ્રંથો પણ પ્રાકૃતછંદોનું જ્ઞાન કરાવવામાં સરખાં લક્ષણોને લીધે કેટલેક અંશે ઉપયોગી થઈ શકે તેવાં છે.

પ્રાકૃત સાહિત્યની પુષ્કલતા

પ્રાકૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય તાંબર શ્વે અને દિગંબર જૈન વિદ્વાનોએ પુષ્કળ પ્રમાણમાં રચ્યું છે, જેની સૂચી-યાદી પણ એક વિસ્તૃત પુસ્તકરૂપ બની જાય તેમ છે. જેમાં સૂત્રો, નિર્યુક્તિયો, ભાષ્યો, ચૂર્ણિયો, વૃત્તિ-વ્યાખ્યારૂપ ગ્રંથો, પ્રકરણો, કુલકો, પ્રકીર્ણ ગ્રંથો, ઔપદેશિક ગ્રંથો, તત્ત્વજ્ઞાનના ગ્રંથો, કથા-ચરિત્રરૂપ ગ્રંથો અને જ્યોતિષ્, વૈદ્યક, અષ્ટાંગ નિમિત્ત વિગેરે વિવિધ વિષયના ગ્રંથોનો સમાવેશ થાય છે. જેમાંથી બહુ થોડા જ ગ્રંથો પ્રકાશમાં આવ્યા છે. આપણાં આગમસૂત્રો, પહેલાં રાયબહાદૂર બાબૂજી ધનપતિસિંહજીદ્વારા અને પછી આગમોદયસમિતિદ્વારા પ્રકાશમાં આવ્યાં. તેમજ બીજા કેટલાક પ્રાકૃત પ્રકરણાદિ ગ્રંથો જૂદી જૂદી વ્યક્તિઓ અને સંસ્થાઓદ્વારા પ્રસિદ્ધિમાં આવ્યા છે, જે વિશિષ્ટ ઉપયોગી પદ્ધતિથી પુનઃપ્રકાશનની અપેક્ષા રાખે છે દસ દસ બાર બાર હજાર શ્લોક પ્રમાણ કથાચરિત્રગ્રંથો પણ ઓછી સંખ્યામાં નથી. આપણી આ જૈનધર્મ પ્રસારક સભાએ પ્રકાશિત કરેલ વિમલસૂરિનું પદ્ય પઉમચરિય [રચના વિ. સં. ૬૦માં ગ્રં. ૧૦૦૦૦], અહિંની જૈન આત્માનંદ સભાએ આદર્શ મનોહરરૂપમાં પ્રસિદ્ધ કરેલી સંઘદાસગણિની ગદ્ય બૃહત્કથા વસુદેવહિંડી [રચના પ્રાયઃ વિક્રમની પાંચમી સદીમાં. ગ્રં. ૧૧૦૦૦], કુલકત્તાની એસિયાટિક સોસાઇટીદ્વારા પ્રકાશમાં આવેલ હરિભદ્રસૂરિની ગદ્ય સમરાઇચ્ચકહા [રચના પ્રાયઃ વિક્રમની ૮મી સદીમાં. ગ્રં. ૧૦૦૦૦], જૈન વિવિધ સાહિત્યશાસ્ત્રમાલાએ પ્રકાશમાં

મૂકેલ **ધનેશ્વરસાધુનું** પદ્ય **સુરસુંદરીચરિય** [રચના વિ. સં. ૧૦૯૫માં. ગ્રં. ૪૦૦૦], અને **લક્ષ્મણગણિનું** પદ્ય **સુપાસનાહચરિય** [રચના વિ. સં. ૧૧૯૯માં. ગ્રં. ૧૦૦૦૦], દે. લા. જૈન પુ. ફંડદ્વારા પ્રકાશમાં આવેલ **ગુણચંદ્રગણિનું** પદ્ય **મહાવીરચરિય** [રચના વિ. સં. ૧૧૩૯માં. ગ્રં. ૧૨૦૦૦], **ગાયકવાડ** ઓરિયન્ટલ સિરીઝ તરફથી પ્રકાશિત થયેલ **સોમપ્રભાચાર્યનો** ગદ્યપ્રાય **કુમારપાલપ્રતિબોધ** [રચના વિ. સં. ૧૨૪૧માં. ગ્રં. ૮૮૦૦], વિગેરે વિસ્તૃત ગ્રંથો અને **મુંબઇ** સરકારી સિરીઝ તરફથી પ્રકાશિત **કુમારપાલચરિત** વિગેરે ગ્રંથો પ્રાકૃતભાષાની મધુરતા, મૃદુતા અને સરલતા સમજાવવામાં અને વિવિધ જ્ઞાન આપવામાં અત્યુપયોગી છે; પરંતુ એથી પણ મનોહર વિસ્તૃત પ્રાકૃતમય સેંકડો ગ્રંથો હજુ **પાટણ, ખંભાત** અને **જેસલમેર** જેવા સ્થળોના પુસ્તક-ભંડારોમાં વર્ષોથી વિના અપરાધે બાંધેલા-જકડેલા કેદમાં પડ્યા છે. **તરંગવતીકથા** જેવાં કેટલાંય કથારત્નો-ગ્રંથરત્નો આપણે ગુમાવ્યાં છે. **કુવલયમાલાકથા, વિલાસવતીકથા, ભુવનસુંદરીકથા, ચઉપ્પન્નમહાપુરિસચરિય** જેવાં અને પ્રત્યેક તીર્થંકર વિગેરેનાં હજારો શ્લોકોમાં રચાયેલાં પ્રાકૃત કથા-ચરિત્રોનાં અને વિવિધ વિષયોનાં પુસ્તકો જીર્ણ થઇને, સડી જઇને કે ઉધેઇ વિગેરેના ભોગ બનીને વિનાશ ન પામે તે પહેલાં સાવચેત થઇને તેને કેદમાંથી છોડાવીને પ્રકાશમાં લાવવાની જરૂર છે. વિચક્ષણ વિદ્વાનોએ રચેલા, વિનોદ સાથે વિવિધ જ્ઞાન આપનારા એ મનોહર ગ્રંથોનો લાભ આપણે લેવો જોઇએ અને અન્યને આપવો જોઇએ. જૈન સંઘના આગેવાનો, ધનિકો, વિદ્યાવિલાસીઓ અને સાહિત્યરસિકોનું એ કર્તવ્ય છે. સમયનો સદુપયોગ અને શક્તિનો સદ્વ્યય કરવાનું સમજનારાઓની એ ફરજ છે.

જૈનેતર વિદ્વાનોના પ્રાકૃતકાવ્યોમાં કવિવત્સલ હાલની ગાથાસપ્તશતી, પ્રવરસેનનું સેતુબંધ (રાવણવહો), વાક્પતિરાજનો ગઉડવહો તથા રાજશેખરનું કર્પૂરમંજરીસટ્ટક પ્રકાશમાં આવેલ છે; પરંતુ વાક્પતિરાજનું મહુમહવિયય (મધુમથવિજય), આનંદવર્ધનની વિષમબાણલીલા, ભૂષણભટ્ટના પુત્રની લીલાવતીકથા એ વિગેરે કાવ્યો પ્રકટ થતાં નવીન પ્રકાશ ફેલાશે.

વર્તમાનમાં પ્રાકૃત ભાષાની કદર.

જેમના દેશના પૂર્વજોની અને પૂજ્યોની એ ભાષા હતી, જેમાં એ પૂર્વજોએ–પરોપકારપરાયણ મહાપુરુષોએ અમૂલ્ય ઉપદેશો આપ્યા હતા, જેમાં અગાધ ડહાપણભર્યું છે, વિવિધ કળાઓનું લોકવૃત્તાંતોનું કર્તવ્યાકર્તવ્ય પુરુષાર્થોનું જ્ઞાન આપ્યું છે, તે પ્રાકૃતભાષા–સાહિત્યની ઉપયોગિતા તેમના વારસો સમજે–સમજવા ઉત્સાહ ધરાવે તે પહેલાં જર્મની, યૂરોપ વિગેરે દૂર દૂરના દેશોના–વિદેશોના ઉત્સાહી વિદ્વાનોનું ધ્યાન તે તરફ ખેંચાયું છે. આર્યાવર્તની પ્રાચીન અપરિચિત ભાષા અને લિપિ જ્ઞાન મેળવવા તેઓએ વર્ષોથી ઝુકાવ્યું છે; તેના પરિણામે તેમના પ્રશંસનીય પ્રયત્નોથી કેટલાંક જૈન સિદ્ધાંતસૂત્રો અને અન્ય પ્રાકૃત ગ્રંથો મૂળરૂપે કે અનુવાદરૂપે તેમની દેશભાષામાં અને તેમના દેશની લિપિમાં ઉંડી શોધખોળપૂર્વક પ્રસિદ્ધ થઇ ગયા છે. સુપ્રતિષ્ઠિત વયોવૃદ્ધ ડૉ. હર્મન જેકોબી, મર્હુમ ડૉ. હોર્નલ, પ્રો. લ્યુમેન, ડૉ. પિશેલ, ડૉ. કાવેલ, ડૉ. વેબર, પ્રો. શુબ્રિંગ, ડૉ. કિરફેલ વિગેરેનાં સંશોધન–સંસ્કરણો અને ઉત્સાહભર્યા પ્રયત્નો જોતાં આપણે તેમને ધન્યવાદ આપવા

ઘટે. આપણા પૂર્વજોએ આપણા પર ઉપકાર કરવા આપણી પાસે જ્ઞાન-ગંગા વહેતી મૂકી છે, તેનો લાભ આપણે સ્વયં લેવા અને બીજાઓને આપવા વિશેષ પ્રયત્ન કરવો જોઇએ પાટણ, જેસલમેર જેવા સ્થળોમાં પ્રાચીન પુસ્તક-ભંડારોમાં છુપાવેલી કેદ પૂરેલી વિદ્યાદેવીને હવે મુક્ત કરાવો. ભય, પ્રમાદ અને સંકુચિતતા દૂર કરી જાલિમ જુલ્મીઓના ભયથી રક્ષકોને સમજાવી એને ઉચિત વસ્ત્ર-અલંકારોથી સજ્જ કરીને સ્વેચ્છાએ વિહરવા અવકાશ આપો. વિદ્યાપ્રેમી નેકનામદાર શ્રીમંત સરકાર **મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ પાટણ**ના **જૈન** ભંડારોનાં પ્રાચીન અપ્રસિદ્ધ ઉપયોગી પુસ્તકોનો લાભ સૌને મળે એવો વિચાર જ નહિ, પ્રયત્ન પણ ચલાવે છે. **જૈન** સાક્ષર **ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ**ના અકાળ સ્વર્ગવાસ પછી સુશિક્ષિત કર્તવ્યદક્ષ ઉત્સાહી રાજરત્ન ડૉ. **વિનયતોષ ભટ્ટાચાર્ય** એમ. એ. પી એચ. ડી. જેવા વિદ્વાનોને પ્રોત્સાહિત કરી તેમની અધ્યક્ષતામાં તેવાં પુસ્તકોને **ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ**દ્વારા પ્રસિદ્ધ કરવાને પ્રેરણા કરે છે, તેવાં પુસ્તકોનાં વર્ણનાત્મક-વિગતવાર સૂચિપત્રો પ્રકાશિત કરાવે છે, વડોદરાના **પ્રાચ્યવિદ્યામંદિર**માં સુરક્ષિત ફાયરપ્રુફ બિલ્ડીંગમાં અને ફાયરપ્રુફ બહુ કિંમતી તિજોરીઓમાં તથા સ્ટીલના મનોહર કબાટોમાં તેવાં પુસ્તકોનો સંગ્રહ કરાવે છે, દૂર દેશમાં વસવા છતાં ત્યાંથી પ્રેરણાઓ મોકલાવે છે, તેવાં પુસ્તકોની યથાસ્થિત નકલો માટે ફૉટોસ્ટેઇટ મશીન જેવાં કિંમતી સાધનોદ્વારા ઉચિત યોજના કરી આપે છે; તેનો લાભ લેવો એ આપણું કર્તવ્ય છે.

સદ્ભાગ્યે થોડા વખતથી આપણા દેશના વિદ્વાનો પણ

પ્રાકૃતભાષાની ઉપયોગિતા થોડે ઘણે અંશે સમજવા લાગ્યા છે અને તેમના ઉદારદિલની પ્રેરણાએ કર્તવ્યોચિત ન્યાયબુદ્ધિએ યુનિવર્સિટીઓમાં પણ પ્રાકૃતભાષાને સ્થાન અપાવ્યું છે. અમદાવાદ, સુરત, મુંબઈ, પૂના, કલકત્તા, સાંગલી, ભાવનગર વિગેરે સ્થળોની કૉલેજોમાં પ્રાકૃતભાષામાં રસ લેતા પ્રોફેસરો અને વિદ્યાર્થીઓનો પ્રઘોષ સંભળાય છે. અને તેવાં પાઠ્ય પુસ્તકો પણ પ્રકાશમાં આવતાં જાય છે. આપણે આશા રાખીશું કે ભારત વર્ષની-સર્વસાધારણની પ્રધાન પ્રાચીન પ્રાકૃતભાષાની ઉપયોગિતા અને મહત્તા પીછાણી એથી પણ વિશેષ પ્રમાણમાં ઉત્તરોત્તર ઉત્સાહ વધતો રહે-તેવા પ્રયત્નો કરવા સુયોગ્ય સંચાલકો-નિયામકો અને અધિકારીઓ પોતાથી બનતું કરશે.

વડોદરા-રાજ્ય તરફથી ચાલતી શ્રાવણમાસ-દક્ષિણાપરીક્ષામાં સાહિત્યની ઉત્તમા પરીક્ષામાં પ્રાકૃતભાષાના ગ્રંથોને વર્ષોથી સ્થાન છે. **શ્રીમંત સરકાર મહારાજા સાહેબે** થોડા વખત ઉપર ખાસ ફરમાનથી-હુજૂર હુકમથી, બરોડા કૉલેજમાં, હાઇસ્કૂલોમાં અને રાજકીય સંસ્કૃત-મહાવિદ્યાલયમાં પાલીભાષાના અભ્યાસ માટે ઉચિત યોજના કરી આપી છે; તેમ તેથી પણ વધારે ઉપયોગી **પ્રકૃતિમધુર પ્રાચીન પ્રાકૃતભાષાના અભ્યાસ-પ્રચાર માટે સમુચિત યોજના કરી આપવા કૃપાવંત થશે**-તેમ ઇચ્છીશું. અને **એવી રીતે અન્ય રાજ્યો પણ પ્રાકૃત ભાષાની ઉપયોગિતા વિચારી તેના સાહિત્યના પ્રકાશન અને પ્રચાર માટે ઉચિત પ્રબંધ કરશે** તો આ **પ્રયાસ** સફળ થયો માનીશું.

—**લાલચંદ્ર ભગવાનૂદાસ ગાંધી.**

શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં મળતા
સંસ્કૃત–પ્રાકૃત પુસ્તકો.

૧	શ્રી જ્ઞાતાધર્મકથાંગસૂત્ર મૂળ ને ટીકાના અર્થ સાથે ભાગ ૧–૨	૮–૦–૦
૨	શ્રી વિપાકસૂત્ર મૂળ તથા મૂળ ને ટીકાના અર્થસાથે	૨–૦–૦
૩	શ્રી વર્ધમાનદેશના. પ્રાકૃત–સંસ્કૃત છાયા સાથે ભાગ ૧ લો. પ્રકાશ. ૩.	૩–૦–૦
૪	” ” ભાગ ૨ જો પ્રકાશ. ૭.	૨–૦ ૦
૫	બૃહત્ ક્ષેત્રસમાસ. મોટી ટીકા સહિત	૩–૪–૦
૬	શ્રી કર્પૂરપ્રકર. મોટી ટીકા સહિત	૩–૪–૦
૭	શ્રી યોગશાસ્ત્ર. આખો ગ્રંથ. પ્રકાશ બાર....	૩–૦–૦
૮	શ્રી ઉપદેશપ્રાસાદ. મૂળ. ભાગ ૪ થો (સ્તંભ ૧૯ થી ૨૪)	૪–૦–૦
૯	શ્રી ધર્મકલ્પદ્રુમ. મૂળ. સંસ્કૃત....	૧–૮–૦
૧૦	શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર માગધી–ગાથાબંધ	૦–૮–૦
૧૧	શ્રી હેમલઘુપ્રક્રિયા વ્યાકરણ	૧–૦–૦
૧૨	શ્રી વસુદેવહિંડિ. ખંડ ૧ લો. અંશ ૧ લો	૩–૮–૦
૧૩	” ” અંશ ૨ જો	૩–૮–૦
૧૪	સિદ્ધપ્રાભૃત. સટીક	૦-૧૦-૦
૧૫	ધર્મપરીક્ષા. સંસ્કૃત	૧–૦–૦
૧૬	સપ્તતિશતસ્થાનપ્રકરણ	૧–૦–૦
૧૭	ચૈત્યવંદન મહાભાષ્ય. બુકાકારે	૧-૧૨-૦
૧૮	નયોપદેશ. સંસ્કૃત	૧ ૦–૦
૧૯	ગુરૂતત્ત્વવિનિશ્ચય. સટીક	૩-૦-૦
૨૦	*પ્રાકૃત વ્યાકરણ. શ્રી હેમચંદ્રાચાર્ય કૃત....*	*૧–૦-૦*